Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૧૨ મો

વીર સંવત્ ૨૪૭૦ ※ વિક્રમ સંવત્ ૨૦૦૦

આશ્વિન

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } અંક ૧૨ મો. } આશ્વિન { વીર સં. ૨૪૭૦ { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका


૧. આધ્યાત્મિક પદ ... ... ... ( મુનિ શ્રી રુચકવિજયજી ) ૩૫૩
૨. પરમાત્મ-પચ્ચીશી-અનુવાદ ... ... ( કવિ બાલચંદ હીરાચંદ ) ૩૫૪
૩. વિદાય-વાણી... ... ... ( મુનીમ હરિલાલ ફીકાભાઇ મહેતા ) ૩૫૬
૪. દુહા... ... ... ... ... ... ... ... ૩૫૬
૫. પ્રશ્નસિંધુ: ૧૩ ... ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી ) ૩૫૭
૬. વ્યવહાર કૌશલ્ય ૨ : ૨૧૭-૨૧૮ ... ... ...( મૌક્તિક ) ૩૬૧
૭. ઝરણાંના પ્રકાર ... ... ... ... ... ( કુંવરજી ) ૩૬૩
૮. બુદ્ધિ: કર્માનુસારિણી ... ... ... ... ( કુંવરજી ) ૩૬૪
૯. પ્રશ્નોત્તર ... ( પ્રશ્નકાર-ઉત્તમલાલ ભીખાચંદ-પુના કેમ્પ) ( કુંવરજી ) ૩૬૫
૧૦. ,, ... ( ,, એન. એમ. શાહ ) ( કુંવરજી ) ૩૬૭
૧૧. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૮ ... ...
( ડૉ. ભગવાનદાસ મનસુખલાલ મહેતા M. B. B. S. ) ૩૬૯
૧૨. બાર ક્ષમાશ્રમણો : ૩ ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) ૩૭૩
૧૩. માર્ગાનુસારીનું પ્રથમ લક્ષણ: ન્યાયસંપન્નવિભવ ( મુનિશ્રી પુણ્યવિજયજી ) ૩૮૦
૧૪. પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ( કુંવરજી ) ૩૮૪
૧૫. ભૂલનો સુધારો ... ... ... ... ... ટાઇટલ પેજ ૩


### નવા સભાસદો

| | | |
|---|---|---|
| ૧. પારેખ ચુનીલાલ દુલભજી | ભાવનગર | નવા પેટ્રન |
| ૨. પારેખ ત્રિભોવનદાસ દુલભજી | ,, | લાઇફ મેમ્બર |
| ૩. સલોત વિનયચંદ જગજીવનદાસ | ,, | ,, |
| ૪. શા. ડુંગરશી કાનજી | મુંબઈ | ,, |
| ૫. શા. રતિલાલ દુલભદાસ | ,, | ,, |
| ૬. શાહ મોહનલાલ મોનજી | ભાવનગર | વાર્ષિક મેમ્બર |

### વિ. સં. ૨૦૦૧, કાર્તિક માસ, દિન ૨૯, બુધથી બુધ.

શુદિ ૧૦ નો ક્ષય. શુદિ ૧ બુધ-નવું વર્ષ બેઠું, વિક્રમ સં. ૨૦૦૧, વીર સંવત ૨૪૭૧, ગૌતમસ્વામી કેવળજ્ઞાન. શુદિ ૫ રવિ-જ્ઞાનપંચમી. શુદિ ૬ સોમ-અઠ્ઠાઇનો પ્રારંભ. શુદિ ૧૪ સોમ-ચૌમાસી ચૌદશ, શુદિ ૧૫ મંગળ-સિદ્ધાચળ યાત્રા. વદિ ૩ શુક્ર-રોહિણી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું { આસો } વીર સં. ૨૪૭૦
અંક ૧૨ મો { } વિ. સં. ૨૦૦૦

## આધ્યાત્મિક પદ

( મળ્યું એ, ના મળ્યું તો શું ? એ દેશી )

મળ્યું એ, ના મળ્યું તો શું ? જગતમાં કોઇનું નહિ કોઇ.
મળ્યું એ. ટેક.

આવ્યા જાવું એકલા રે, ફોગટ પ્રીત સગાઈ;
મળ્યું મૂકવું જીવડા રે, ફોગટ ફુલે ફુલાઇ. મળ્યું એ. ૧

રાજા રંક, રંક રાજા, કીધા કદીય ન થાય;
વાવે બીજ પણ નવિ ફળતા, કારણ એક ગણાય. મળ્યું એ. ૨

સ્ત્રી પરિભોગ સુખદ લાગે, વિષ દુઃખદ અતિ થાવે;
ફલ વિષમતા જ્ઞાની દેખે, અદૃષ્ટ કારણ યોગે. મળ્યું એ. ૩

કેચિત્ જનને ક્ષીરભોગે, રોગોદ્ભવ પણ થાવે;
વિપલક્ષણમાં રોગની હાનિ, હેતુ વિચાર વિચારી. મળ્યું એ. ૪

સાધન તુલ્ય પણ વિષમતા, ફલમાં કારણ યોગે;
માતા પિતા એક જ સરિખા, પણ સુતમાં રંગ ભેદે. મળ્યું એ. ૫

એ વિષમતા કોણ કારણથી, તે વિચાર વિચારી;
દૃષ્ટ કારણમાં વિરોધ જાણી, અદૃષ્ટ લેજે સ્વીકારી. મળ્યું એ. ૬

મળ્યું મળવું એ કારણથી, માટે સમચિત્ત ધારી;
ધ્યાવું પદ આતમ અવિનાશી, રુચક રમે રંગ લાવી. મળ્યું એ ૭

—મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

उपाध्याय श्रीयशोविजयविरचिता

# परमात्मपंचविंशतिका

[ અનુવાદ ]

# પરમાત્મ પચ્ચીશી

( ઉપજાતિવૃત્ત )

જ્યોતિ સ્વરૂપે પરમાત્મ રૂપ, નિરંજને જે પરમેષ્ઠિ ભૂપ;
સનાતની જે અજ શંભુ જો જો, પ્રભુ સદા તે જયવંત હોજો. ૧

વિજ્ઞાન આનંદ શુભ સ્વરૂપે, જિહાં અધિષ્ઠાન જ બ્રહ્મરૂપે;
સ્વભાવથી શુદ્ધ સ્વરૂપ બુદ્ધ, નમો નમો તેહ જિનેંદ્ર શુદ્ધ. ૨

અજ્ઞાનના જેહ ઉપદ્રવો છે, વિકાર તે સર્વ શમી ગયા છે;
વ્યક્તિત્વથી મોક્ષ વિષે રહે છે, શક્તિ સ્વરૂપે જગમાં વસે છે. ૩

વાચા જિહાં થાય અપૂર્ણ અલ્પ, ગતિ ન ચાલે મનની ય સ્વલ્પ;
તે જાણવો સ્વાનુભવે જિનેંદ્ર, ખરા સ્વરૂપે પરમાત્મ ઈંદ્ર. ૪

સ્પર્શે ન જાણો નહિ વર્ણ ગંધ, સ્પર્શે ન જેને રસ અલ્પ મંદ;
ચિન્માત્ર જે શુદ્ધ ગુણે ગુણાઢ્ય, ગાવો પ્રભુના પરમાત્મ ગીત. ૫

જે માધુરી વર્ણવવી અશક્ય, એવા પ્રભુના ગુણ છે અનૂપ;
'એવા' કહી વર્ણવવા અશક્ય, 'એવા નથી' કેમ કહું ન શક્ય. ૬

જે બુદ્ધ વા કેશવ શંભુ બ્રહ્મ, જિનેશ વા નામ કહો અચંભ;
તું એ જ છે દેવ વિભિન્ન નામે, ન અર્થથી ભિન્ન સ્વરૂપ જાણે. ૭

નયો જુદા ભિન્ન સ્વરૂપ જાણે, સમર્થ શું તે વિભુ જાણવાને ?
સમુદ્રના ચંચલ જે તરંગો, શમી જતા સાગરમાં જ વેગો. ૮

નયો જણાવી ચલ શબ્દ બોધ, પ્રભુતણું દાખવતાં સ્વરૂપ;
ન સત્ય જાણે અનુભૂતિ અલ્પ, પ્રભુતણું રૂપ જ નિર્વિકલ્પ. ૯

શાસ્ત્રોતણી ક્ષીર ચખાડવાને, સ્વકલ્પના પાત્ર અનેક જાણે;
પરંતુ જિહ્વાથકી ચાખવાને, કોઈક જાણે વિરલા ગુણોને. ૧૦

જિતેંદ્રિયો ને નિજ ક્રોધ જીતે, દમે નિજાત્મા જ શુભાશયી તે;
જાણે ખરું તે પરમાત્મ રૂપ, ભલે ગમે તે લઈ ભિન્ન માર્ગ. ૧૧

મુમુક્ષુ જે તે પ્રભુ સેવકો છે, તેમાં ન ભેદો કહિએ રહ્યા છે;
નજીક વા દૂર ન ભેદ તેમાં, સર્વે ખરા સેવક શ્રી પ્રભુના. ૧૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુજ્ઞાનમાર્ગે નહિ જેહ ચાલે, જે આદરી નામ જ માત્ર બોલે;
તેણે ન દીઠું પરમાત્મ રૂપ, ઘૂકો ન દેખે સવિતા સ્વરૂપ. ૧૩

શાસ્ત્રોતણા જે પઠણો અનેક, ફળે પ્રભુ જ્ઞાનથકી વિવેક;
તે એક ભક્તિ કરવા સુયોગ્ય, નિરંજન પ્રાપ્ત પરાત્મ પૂજ્ય. ૧૪

ન અંતરાયો ન અસત્ય જેમાં, રતિ ન હાસ્યો અરતિ ન જેમાં;
ન ભીતિ વા જ્યાં ન વસે જુગુપ્સા, હોજો પ્રભુ તેહ શરણ્ય વાંછા. ૧૫

ન શોક જેને નહિ કામ લેશ, નાજ્ઞાન જેમાં વિરતિ અશેષ;
નિદ્રા નહીં જ્યાં લવ સુપ્રસન્ન, હોજો પ્રભુ તેહ શરણ્ય માન્ય. ૧૬

જે રાગ ને દ્વેષ જગપ્રસિદ્ધ, હણ્યા જિને ભીતિકર પ્રસિદ્ધ;
સ્વપ્ને અને જાગૃતિમાં પ્રમાણ, હોજો પ્રભુ તેહ શરણ્ય માન્ય. ૧૭

ભાવો થતાં જે ઉપાધિભેદે, તે મૃત્યુ ને જન્મ ભવાંત રોધે;
તેના નિરોધે પ્રગટે સ્વરૂપ, તે જાણવું ખાસ જિનેંદ્ર રૂપ. ૧૮

'એવું નથી' એમ કહી વદે છે, સિદ્ધાંત ભાખી જનમાં રહે છે;
પરંતુ નિર્વાચ્ય પ્રભુ સ્વરૂપ, અશક્ય છે વર્ણવવું સ્વરૂપ. ૧૯

ગ્રામીણ જાણે સુખ પૂરના જે, અશક્ત તે વર્ણવવા હતા જે;
ન સિદ્ધ સૌખ્યો ઉપમા અભાવે, જ્ઞાની નથી વર્ણવતા સ્વભાવે. ૨૦

ભેગા કરી સૌખ્ય સુરાસુરોના, અત્યલ્પ ભાગે નહિ તુલ્ય જેના;
એવા સુખો સિદ્ધતણાં કહ્યાં છે, જે મુક્તિમાં નિત્ય અનુભવે છે. ૨૧

ન દેહ જ્યાં દર્શન જ્ઞાન નિત્ય, સદોપયોગી પ્રભુ નિત્ય સત્ય;
ન રોગ પીડા પરમાત્મ રૂપ, એવું ભલું સિદ્ધતણું સ્વરૂપ. ૨૨

લોકાગ્રભાગે શિખરે વસે છે, સ્વભાવમાં જે રમમાણ સાચે;
ભવપ્રપંચોથકી મુક્ત જેમાં, સિદ્ધો અનંતી અવગાહનામાં. ૨૩

ધ્યાને રહે છે ભમરીતણા જે, તે ઇલિકા તો ભમરી બને છે;
ધરી સદા શ્રી પરમાત્મ ધ્યાન, નરો થતાં તે પરમાત્મ માન. ૨૪

એવા સમાધિયુત જેહ ધ્યાવે, જિનેંદ્રને ભાવથકી સ્વભાવે;
સ્વાનંદ તે મેળવતા યશોને, શ્રી તેહની છે જયનાદ જોને. ૨૫

પૃથ્વીવૃત્ત

યશોવિજય જેહ છે અતુલ બુદ્ધિના સાગર;
અશેષ ગુણ સંકુલા યશગિરા શ્રુતિ-સાગર;
કરી ચરણ સેવના નમન બોધ બાલોચિત,
અપૂર્ણ જન કારણે સ્તવનરૂપ બાલોહિત.

કવિ બાલચંદ હીરાચંદ-માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિદાય–વાણી

મારા મરણુ સમે સહુ સ્નેહી સગાંસંબંધી રડશો નહીં,
સ્નેહ બંધને શોકાતુર થઇ અશ્રુપાત કોઇ કરશો નહીં;
સ્ત્રી જન શાણી વ્યાકુળ થઇને કોઇ કૂટાકૂટ કરશો નહીં,
પ્રભુ પરમાત્માના નામ વિના બીજું કશું ઉચ્ચરશો નહીં. ૧

દારા સુત સુતાદિ સર્વે હૈયામાં હરખડશો નહીં,
સંભારી અંતરના પ્રેમો હૃદયફાટ કોઇ રડશો નહીં;
પ્રેમી પત્ની વિરહ વ્યથાએ અંતરમાં અકળાશો નહીં,
પ્રભુના શુદ્ધ જીવનમાં આપણુ મળશું મન મૂંઝાશો નહીં. ૨

જન્મે તેને વહેલું મોડું મરવાનું રોકાશે નહીં,
ભાવિ ભાવે લેખ લખેલા અટકાવ્યા અટકાશે નહીં;
સંસ્કારે સહુ સાથ સંબંધી હળેમળે વિખરાયે ભાઈ,
પરિવર્તનશીલ જગના જીવન પળપળમાં પલટાયે ભાઇ. ૩

મરે જીવે કોણુ જગમાં જનમી તત્ત્વથકી વિચારો ભાઇ,
જડ તત્ત્વોના દેહથકી છે દેહી આતમા ન્યારો ભાઇ;
જડથી સદા વિજાતિ જીવ છે અખંડ ને અવિનાશી ભાઇ,
સર્વાત્માનો અંશ આતમા અક્ષર પદનો વાસી ભાઇ. ૪

જડ તત્ત્વોના દેહભાવમાં મોહ મમત કોઇ કરશો નહીં,
હુંપદની અંધારી બાંધી લખ ચોરાશી ફરશો નહીં;
સદ્ગુરુ શરણે સમજી સાચું કર્મબંધ તો કરશો નહીં,
દેહ આતમા જુદા જાણી મરણુથકી કોઇ ડરશો નહીં. ૫

વિદાય માગું હવે સર્વની પ્રભુ જીવનમાં જાવા ભાઇ,
અક્ષરપદને પામી પૂરણુ બ્રહ્મ–રસભોગી થાવા ભાઇ;
વિદાય વાણી દાસ હરિની જેના ઉર ઉતરશે ભાઇ,
તે જીવને સદ્ગુરુ કૃપાએ સહેજે શિવપદ મળશે ભાઇ. ૬

**હરિલાલ ફીકાભાઇ મહેતા–પાલીતાણા**

**દુહા**

ગાંડી માથે બેડહું, વાનર કોટે હાર;
નાણું જુગારી હાથમાં, જાતા કેટલી વાર.
રાખી ઘરેણું રોકડું, આપે નાણું જેહ;
સો મણુકેરે ગાડલે, સુખે સૂવે તેહ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૧૩)

રચયિતાઃ—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૩૨૯ )

૧૬૯ પ્રશ્ન—કૃષ્ણ વાસુદેવના મોટાભાઇ બલભદ્રજી કેટલા ભવો કરી મોક્ષે જશે?

ઉત્તર ૧—ચંદ્ર નામનો કણબી, ૨–રાજલલિત નામે વણિકપુત્ર, ૩–રત્નાંગદ નામે દેવ, ૪–બલભદ્ર નામે બલદેવ, ૫–બ્રહ્મ દેવલોકે દેવ, ૬–નરભવ કરી શ્રી અમમતીર્થમાં મોક્ષે જશે. આ રીતે શ્રી બલભદ્રજીના છ ભવો શ્રી અમમસ્વામી ચરિત્રમાં જણાવ્યા છે.

૧૭૦ પ્રશ્ન—કૃષ્ણ વાસુદેવને ત્રણ ખંડ પૃથ્વી સાધતા કેટલા વર્ષો લાગ્યા?

ઉત્તર-કૃષ્ણ વાસુદેવે આઠ વર્ષમાં ત્રણ ખંડ પૃથ્વી સાધી ત્યારે તે વાસુદેવ થયા. કહ્યું છે કે " **अथाष्टदिग्विजयमहापर्वणि** " એટલે કૃષ્ણવાસુદેવ જન્મથી. બોંત્તેર વર્ષ વીત્યા બાદ તોંત્તેર વર્ષની ઉંમરે દિગ્વિજય કરવા નિકળ્યા. આઠ વર્ષમાં ત્રણ ખંડ પૃથ્વી સાધી, એકયાશીમાં વર્ષની શરૂઆતમાં વાસુદેવપણું પામ્યા.

૧૭૧ પ્રશ્ન—કૃષ્ણ વાસુદેવ કુમારપણામાં કેટલા વર્ષ રહ્યા?

ઉત્તર-કૃષ્ણ વાસુદેવ ૧૬ વર્ષ સુધી કુમારપણામાં રહ્યા. કહ્યું છે કે-" **कौमारे किल यस्य षोडशसमाः।** "

૧૭૨ પ્રશ્ન-કૃષ્ણ વાસુદેવે મંડલિક રાજાપણું કેટલા વર્ષો સુધી ભોગવ્યું?

ઉત્તર—કૃષ્ણ વાસુદેવે મંડલિક રાજાપણું છપ્પન્ન વર્ષો સુધી ભોગવ્યું. કહ્યું છે કે-**सन्मण्डलिकत्वे षट्पञ्चाशद्वर्षाणि ।**

૧૭૩ પ્રશ્ન-કૃષ્ણ વાસુદેવે વાસુદેવપણું કેટલા વર્ષો સુધી ભોગવ્યું?

ઉત્તર—કૃષ્ણ વાસુદેવે ૯૨૦ વર્ષો સુધી વાસુદેવપણું ભોગવ્યું. કહ્યું છે કે—" **वर्षाणामगमत्तथा नवशतीविंशाऽर्द्धचक्रिश्रियो भोगे** "-એટલે અર્ધચક્રી એ વાસુદેવનું બીજું નામ છે તે સાર્થક છે; કારણ કે ચક્રવર્ત્તી કરતાં અર્ધી ઋદ્ધિના માલિક વાસુદેવ હોય છે. આવી અર્ધચક્રીપણાની (વાસુદેવપણાની) સાહેબી ભોગવવામાં કૃષ્ણવાસુદેવને ૯૨૦ વર્ષો વીત્યા.

૧૭૪ પ્રશ્ન—કૃષ્ણ વાસુદેવનું સંપૂર્ણ આયુષ્ય કેટલું હતું?

ઉત્તર—કૃષ્ણ વાસુદેવ પાછલા ભવમાં હેમાંગદ નામના દેવ હતા. જ્યારે પોતાનું આયુષ્ય છ મહિના બાકી રહ્યું ત્યારે તેમણે ૧૦૦૦ વર્ષ પ્રમાણ મનુષ્યાયુષ્ય બાંધ્યું. દેવાયુષ્ય પૂર્ણ થયા બાદ મનુષ્યાયુષ્યનો ઉદય થયો ત્યારે વસુદેવ પિતા ને દેવકી માતાના પુત્રપણે ઉત્પન્ન થયા. તે ૧૬ વર્ષ સુધી કુમાર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણામાં, ૫૬ વર્ષ સુધી મંડલિક રાજાપણામાં રહ્યા, ૮ વર્ષ દિગ્વિજયમાં ગયા. ૯૨૦ વર્ષ સુધી વાસુદેવપણું ભોગવ્યું. આ રીતે ૧૬+૫૬+૮+૯૨૦=૧૦૦૦ વર્ષનું આયુષ્ય કૃષ્ણવાસુદેવનું જાણવું. કહ્યું છે કે-**कौमारे किल यस्य षोडशसमाः सन्मण्डलित्वे पुनः षट्पञ्चाशदथाष्टदिग्विजयमहापर्वण्यतीयुः सुखम् ॥ वर्षाणामगमत्तथा नवशतीविंशार्द्धचक्रिश्रियो भोगे तस्य जनार्दनस्य चरितं कस्येहनाश्चर्यकृत् ॥ ८७ ॥** અમમ ચરિત્રના ૧૯૦ શ્લોક પ્રમાણવાળા ચૌદમા સર્ગમાં આ બીના વિસ્તારથી જણાવી છે.

૧૭૫ પ્રશ્ન—વાસુદેવના સાત રત્ન કયા કયા ?

ઉત્તર—૧ વનમાલા, ૨ મણિ, ૩ ખડ્ગ ( તલવાર ), ૪ શંખ, ૫ ચક્ર, ૬ ધનુષ્ય અને ૭ ગદા. આ સાત રત્નો કૃષ્ણ વાસુદેવને પણ હતા. અમમ ચરિત્રમાં દશમા સર્ગમાં કહ્યું છે કે-“ **वनमाला मणिः खड्गः शङ्खश्चक्रं धनुर्गदा॥ अभूवन्निति रत्नानि, सप्त तस्यार्द्धचक्रिणः ॥ २५ ॥** ”

**૧૭૬ પ્રશ્ન—કૃષ્ણવાસુદેવે કોટીશિલા સ્વશરીરના કયા ભાગ સુધી ઉપાડી ?**

ઉત્તર—કૃષ્ણ વાસુદેવે જમીનથી ઊંચે ચાર આંગળ સુધી કોટીશિલા ઉપાડી. તે વધારે ઊંચી કરી શકયા નહિ, કારણ અવસર્પિણી કાળમાં અનુક્રમે વાસુદેવો ઓછા ઓછા બળવાળા થાય છે. કૃષ્ણ છેલ્લા નવમા વાસુદેવ થયા છે.

**૧૭૭ પ્રશ્ન—નવે વાસુદેવોએ કોટીશિલા પોતાના શરીરના કયા કયા ભાગ સુધી ઊંચી કરી ( ઉપાડી ) ?**

ઉત્તર—૧. પહેલા વાસુદેવે તે કોટીશિલાને જમીનથી ઉપાડી પોતાના મસ્તકની ઉપર છત્રની માફક રાખી, ૨. બીજા વાસુદેવે મસ્તકના ભાગ સુધી કોટીશિલા ઊંચી કરી, ૩. ત્રીજા વાસુદેવે ગળા સુધી, ૪. ચોથા વાસુદેવે ભુજાના મધ્ય ભાગ સુધી, ૫. પાંચમા વાસુદેવે હૃદય સુધી, ૬. છઠ્ઠા વાસુદેવે કટી સુધી ( કેડ સુધી ), ૭. સાતમા વાસુદેવે સાથળ સુધી, ૮. આઠમા વાસુદેવે ઢીંચણ સુધી અને ૯ નવમા વાસુદેવે જમીનથી ચાર આંગળ અદ્ધર કોટીશિલા ઉપાડી. આ રીતે કોટીશિલા ઉપાડવામાં હીનતા થવાનું કારણ અવસર્પિણી કાળનો જ પ્રભાવ કહી શકાય. અવસર્પિણી કાળમાં બલ વગેરે દિનપ્રતિદિન ઘટતાં જાય છે. અમમ-ચરિત્રના દશમા સર્ગમાં કહ્યું છે કે-“ **तां छत्रवद्धावाद्यो हरिमौलौ द्वितीयकः ॥ गले तृतीयस्तुर्योऽपि दोर्मध्ये हृदि पंचमः ॥ ४०३ ॥ कट्यां षष्ठः सप्तमस्तु निजयोर्जानुनोः परः ॥ चतुरंगुलमन्त्योऽवसर्पिण्यां ते त्रुटद्‌बलाः ॥ ४०४ ॥** ”

૧૭૮ પ્રશ્ન—શ્રી જિનેશ્વરદેવની પૂજાનો પ્રભાવ શો ?

ઉત્તર—જેમ શારીરિક ( શરીરના ) રોગોનો નાશ કરવા માટે ઔષધાલય આદિ સાધનોની જરૂરિયાત જણાય છે, તેમ માનસિક ચિંતા આદિની સુધારણાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે વિશિષ્ટ સાધનો શ્રી જૈનાગમમાં ઘણાં જણાવ્યાં છે, તેમાં શ્રી જિનપૂજા એ મુખ્ય સાધન છે. પરમ ઉલ્લાસથી શ્રી જિનેશ્વરદેવની પૂજા પાછલા ભવોમાં પણ બાંધેલાં વિવિધ પ્રકારના પાપનો નાશ કરે છે, અનુક્રમે સંસારનો નાશ કરી મુક્તિના અવ્યાબાધ સુખ દેવાને તે પૂજા સમર્થ છે, માટે જ તે સર્વ પ્રકારના કલ્યાણરૂપ મણિરત્નોના ભંડાર જેવી છે. તથા લાભાન્તરાય કર્મના ઉદયથી આવેલ દરિદ્રતાનો હંમેશાં વિધિપૂર્વક પૂજા કરવાથી નાશ થાય છે. શ્રી નેમિચન્દ્રસૂરિકૃત-શ્રી અનંતનાથચરિત્રમાં કહ્યું છે કે-**जिणपूया पावहरी, जिणपूया जायए भवंतकरी ॥ जिणपूया सव्वाणवि, कल्लाणमणीण भंडारो ॥ ६ ॥ अवहरइ दरिद्दत्तं, पणामए तिजगलच्छिविच्छड्डुं ॥ जिणपूया कीरंती, पणासए सव्वदुरियाइं ॥ ७ ॥**

૧૭૯ પ્રશ્ન—શ્રી જિનપૂજાના ભેદ કેટલા ?

ઉત્તર—શ્રી જિનપૂજાના આઠ ભેદો પ્રસિદ્ધ છે, તે આ પ્રમાણે જાણવા. ૧ કુસુમપૂજા, ૨ અક્ષતપૂજા, ૩ ફલપૂજા, ૪ જલપૂજા, ૫ ધૂપપૂજા, ૬ દીપપૂજા, ૭ નૈવેદ્યપૂજા અને ૮ વાસપૂજા. આ રીતે પૂજાના પ્રસિદ્ધ ભેદો આઠ છે. બીજા ગ્રંથોમાં આઠ ભેદોનો ક્રમ આ પ્રમાણે પણ થોડાક ફેરફાર સાથે ( એટલે વાસ-પૂજાની જગ્યાએ ચંદનપૂજા ગોઠવીને ) જણાવ્યો છે. ૧ જલપૂજા, ૨ ચંદનપૂજા, ૩ પુષ્પપૂજા, ૪ ધૂપપૂજા, ૫ દીપપૂજા, ૬ અક્ષતપૂજા, ૭ ફલપૂજા અને ૮ નૈવેદ્ય-પૂજા તથા ૧ દ્રવ્યપૂજા તેમજ ૨ ભાવપૂજા આ રીતે બે ભેદો જાણવા. ૧ સાત્ત્વિકી-પૂજા, ૨ રાજસી અને ૩ તામસીપૂજા. આ રીતે પૂજાનાં ત્રણ ભેદો શ્રી માન-વિજય ઉપાધ્યાયજીએ :બનાવેલા શ્રી ધર્મસંગ્રહના મહોપાધ્યાય ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજે કરેલ વિવરણમાં જણાવ્યા છે. અહીં શરૂઆતમાં જણાવેલા આઠ ભેદો શ્રી નેમિચંદ્રસૂરિજીએ બનાવેલા અનંતનાથ ચરિત્રના આધારે જણાવ્યા છે, તે પાઠ આ પ્રમાણે છે-“ **कुसुमक्खयफलजलधू-वदीवनेवज्जवासनिम्माया ॥ पूया जिणेसराणं, सा अट्ठविहा विणिदिट्ठा ॥ ८ ॥** ”

૧૮૦ પ્રશ્ન—જલપૂજાનું સ્વરૂપ શું ?

ઉત્તર—ભવ્ય જીવો અંગશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ વગેરે વિધિ જાળવીને મોરપીંછીથી નિર્માલ્ય ફૂલ વગેરે દૂર કરી, શ્રી જિનબિંબની ઉપર પંચામૃતનો પખાલ કરવા-પૂર્વક શુદ્ધ જલનો અભિષેક કરે, તે જલપૂજા કહેવાય. આ જલપૂજા કરતી વેળાએ ઈંદ્રાદિ દેવોએ મેરુપર્વતની ઉપર શ્રીતીર્થંકરદેવનો ૧ કરોડ ૬૦ લાખ કળશો-વડે કરેલ જલાભિષેકની ભાવના ભાવવી. જે ભવ્ય જીવો કલશમાં સ્વચ્છ-શીતલ પાણીવડે શ્રી જિનેશ્વરની જલપૂજા કરે છે તે પોતાના કર્મમેલને જરૂર દૂર કરે છે. કહ્યું છે કે-“ **पत्तगपण जिणिंदं, जो सच्छसाउसीयलजलेणं ॥ पूयइ सो तेणेवय, पक्खालइ नियमलं नियमा ॥ १२ ॥** ”

૧૮૧ પ્રશ્ન—ચંદનપૂજાનું સ્વરૂપ શું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ભવ્ય જીવો શુદ્ધ જલાભિષેક કર્યા બાદ અંગલુંછણાથી જયણાએ પરમાત્માનું અંગ લૂછીને કેસર આદિ મિશ્રિત સુખડવડે નવ અંગે પૂજા કરે, તે ચંદનપૂજા કહેવાય.

૧૮૨ પ્રશ્ન—પુષ્પપૂજાનું સ્વરૂપ શું ?

ઉત્તર—જલપૂજા તથા ચંદનપૂજા કર્યા બાદ પુષ્પપૂજા કરાય. યતનાએ બગીચામાંથી લાવેલા નિર્દોષ પુષ્પોની રચના કરીને જે પ્રભુદેવની આંગી રચીએ અથવા પ્રભુદેવના ગળામાં ફૂલની માળા પહેરાવીએ તે પુષ્પપૂજા કહેવાય. જે ભવ્ય જીવો ઉત્તમ સુગંધી ફૂલોવડે પરમ ઉલ્લાસથી શ્રી જિનેશ્વરદેવની પૂજા કરે, તેમની ઇંદ્રાદિક મોટા ભવ્ય જીવો પણ પૂજા કરે છે, તે શ્રી જિનેશ્વર દેવનો જ પ્રભાવ જાણવો. કહ્યું છે કે–" **वरपरिमलेहिं कुसुमेहिं, पूयए जो जिणे सवहुमाणं ॥ पूयापत्तं जायइ, जिणप्पसाया गुरूणवि सो ॥ ९ ॥** " બીલીના પાંદડા, આકડાના ફૂલ, ધત્તૂરાના તથા કણેરના ફૂલોથી મિથ્યાત્વી દેવોની પૂજા બીજા મતવાળાઓ કરે છે, પણ તેવા ફૂલો શ્રી જિનેશ્વર દેવને ચઢાવાય નહિ, કારણ કે તે ફૂલોનો ગંધ તુચ્છ હોય છે. આ બીના જણાવવા માટે ગ્રંથકાર નેમિચંદ્રસૂરિજીએ ફૂલોનું " **वरपरिमलेहिं** " આ વિશેષણ આપ્યું છે.

૧૮૩ પ્રશ્ન—ધૂપપૂજાનું સ્વરૂપ શું ?

ઉત્તર—કપૂર, અગરુ વગેરે દશ પદાર્થો ભેગા કરી બનાવેલો જે ધૂપ તે દશાંગધૂપ કહેવાય. ધૂપધાણામાં ધૂપ સળગાવી પ્રભુદેવની આગળ ઉખેવીએ તે ધૂપપૂજા કહેવાય. જે ભવ્ય જીવો પ્રભુદેવના અંગે ધૂપપૂજા કરવા માટે ઘનસાર અને અગરુને બાળે, તેઓ કુબેરભંડારીની સાહિબી કરતાં પણ વધારે સાહિબી (લક્ષ્મી વિગેરે) પામે છે. તેથી તે ઘનસાર બને છે એટલે પુષ્કળ ધનનો સ્વામી બને ને કુબેર ભંડારી પણ તેની આગળ લઘુ ( નાનો ) ગણાય. એમાં નવાઇ શી ? કહ્યું છે કે–" **जो घणसारं अगरुं च दहइ जिणअंगधूवणनिमित्तं ॥ सो घणसारो जायइ, अगुरू धणओऽवि जस्स पुरो ॥ १३ ॥** "

પ્રશ્ન ૧૮૪—દીપકપૂજાનું સ્વરૂપ શું ?

ઉત્તર—ભવ્ય જીવો શ્રી જિનેશ્વર દેવની આગળ દીપક ધરે તે દીપકપૂજા કહેવાય. જેઓ મંગલિક દીવાવડે શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે, તેઓ દેવલોકમાં દીવાની શિખા જેવા ઉજ્જવળ દેહકાંતિવાળા દેવ થઇને દેવતાઇ ઋદ્ધિ ભોગવે છે, ને અનુક્રમે શિવસંપદા પામે છે. કહ્યું છે કે–" **जो मंगलप्पईवेण, पूयए सामिसालजिणचंदं ॥ सो दीवसिहा उज्जलमुत्ती सग्गसिरिं रमइ ॥ १४ ॥** "

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય

(૧૭)

## જો એક જ પક્ષ(બાજુ)નો વાંક હોય તો કજીઓ લાંબો વખત ચાલતો નથી.

**દુનિયામાં** ઝગડા કેટલીક વાર અનિવાર્ય લાગે છે. જર, જમીન અને જોરુને કારણે અનેક ઝગડા થાય છે, અભિપ્રાયભેદથી ઝગડા થાય છે, પૈસાના સ્વાર્થથી ઝગડા થાય છે, પાડોશી જમીન દબાવે કે વગરહક્કે બોજો પોતાની જમીન પર નાખે છે એમ લાગવાથી ઝગડા થાય છે અને ટૂંકામાં કહીએ તો 'અધિકારી દો, એક વસ્તુ કા–ઉસમેં હોત વિરોધ' એટલે વસ્તુ એક હોય અને તેના પર સ્વામીત્વનો હક્ક બે જણા કરે ત્યારે ઝગડા થાય છે. એમાં ઘણી વાર શેઠાઈના, આધિપત્યના અને એવી અનેક જાતના ઝગડા પણ થાય છે.

આવા ઝગડાના તત્ત્વજ્ઞાનમાં ઊતરવા જેવું છે. ઝગડા ઘણી વાર તો એવા વિચિત્ર હોય છે કે–એમાં બન્ને પક્ષ પોતાને બરાબર સાચા માને છે અને અન્યને મનાવવા પ્રયત્ન કરે છે. કેટલાક માણસો આવેશમાં આવી નજીવી બાબતને મોટું રૂપ આપી ઝગડાને નોતરે છે. વાતવાતમાં આકરું સ્વરૂપ લઇ લેનાર અને નાની બાબતને ભારે મહત્ત્વ આપનાર આવા માણસોને ઝગડા ન હોય તો ખાવું ભાવતું નથી. એ ઝગડાને ઉદીરનારા અને ઝગડામાં રચ્યાપચ્યા રહેનારનું આંતરજીવન તપાસ્યું હોય તો એને કોઇ સ્થાને કે કોઇ વખતે શાંતિ મળતી નથી, એના જીવનમાં સરખાઇ દેખાતી નથી અને એના વર્તનમાં કચવાટ સિવાય કોઇ વાત તરી આવતી નથી. પણ ઝગડાની એક બીજી બાજુ ખૂબ વિચારવા યોગ્ય છે અને તે તેનો સમય–કાળ છે. ઝગડો લાંબો વખત ચાલે તો સમજવું કે એમાં બન્ને પક્ષકારોનો ઓછો વધતો વાંક જરૂર છે. એમાં તરતમતા જરૂર હોય, પણ એકાંત એક પક્ષનો વાંક હોય તો તે ઝગડો લાંબો વખત ન ચાલે. કાં તો અન્ય ઠપકો આપીને એવા ઝગડાનો તુરત નિકાલ લાવે, અથવા વાંકવાળો પક્ષ પોતાની ભૂલ સમજી તેને સુધારી લે. પણ ૭૫–૨૫ ટકા કે ૯૦–૧૦ ટકા જ્યાં હોય ત્યાં વાત વધી જાય છે અને એવા અગ્નિને સંકોરનારાં સાધનો કે સલાહકારકો મળી આવે ત્યારે આંતર વધતું જાય છે અને પતાવટ કે મેળાપને સ્થાન કે અવકાશ રહેતા નથી; માટે લાંબા પહોંચે તેવા ઝગડાથી ચેતતા રહેવું. વિચારવું કે અહીંનું સર્વ અહીં મૂકી જવાનું છે, ક્લેશ કરવાથી નાહક ચારિત્ર બગડે છે, મનોવિકાર વ્યાધિનું રૂપ લે છે અને સર્વ પ્રગતિ અટકી જાય છે. ઝગડા સાચા માનવામાં આવે તો પણ એમાં મજા નથી, એમાં વિજય મેળવવાના ફાંફાં નકામા છે અને એનાં વલોપાત દિલને સૂકવનારા છે. સમજુ માણસ ઝગડો કરે નહિ, સામો કરે તો તેને ઉત્તેજન આપે નહિ અને ઝગડો પતાવી ઘાસ (ઘસારો) ખાવામાં ન્હાનપ સમજે નહિ. કુશળ માણસ ઝગડાથી દૂર રહે અને 'નમ્યો તે પ્રભુને ગમ્યો' એ સૂત્રનું રહસ્ય સમજે.

---

"Quarrels would not last long if the fault was only on one side."

—LA ROCHEFOUCOULD. (15-4-40)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૮ )

## પોતાને ગમે તે ન કરવું, પણ પોતે કરે તે ગમવું આ જિંદગીમાંથી શીખવાનો મોટામાં મોટો અભ્યાસપાઠ છે.

જે કામ હાથ ધરવામાં આવે તેના પર પ્રેમ હોવો જોઇએ, તેના પર શ્રદ્ધા હોવી જોઇએ, તે કામ પોતાથી બનશે તેવો આત્મવિશ્વાસ હોવો જોઇએ. કામ શરૂ કરતી વખતે મનમાં ઉકળાટ હોય, કામ થશે કે નહિ તેવા વિચારો આવ્યા કરતા હોય અને આ 'લપ'માંથી ક્યારે છૂટાય એવા વિચાર આવ્યા કરતા હોય—એવા કામમાં મોજ ન આવે. ઘર બાંધનાર કડિયાને, લાકડા ઘડનાર સુતારને કે છાણાં થાપનાર બાઇને પોતાના કામ પર લગની લાગવી જોઈએ અને એ કામ પોતે કરે, હાથ ધરે કે હાથ ધરવાનાં સાધનો જમાવે ત્યારે એને એમાં ખૂબ આનંદ આવવો જોઇએ. આમ થાય તો કામ કરવામાં લહેર પડે છે અને કામ હાર પડે કે પાર પડે ત્યારે સંતોષ થાય છે.

આમ કામ નાનું છે કે મોટું છે તે જોવાનું નથી. કામ ગમે તેવું હોય, તેમાંથી ધનનો બદલો મળવાનો હોય કે ન હોય, તેની પાછળ પ્રતિષ્ઠા કે આબરૂનો સવાલ હોય કે ન હોય એની ઉપયુક્તતા નથી. વાત એક જ છે કે ગમે તે કરો તે કામ પોતાને પસંદ પડવું જ જોઇએ, એના ઉપર અંતરનો પ્રેમ હોવો જોઇએ, એ કામ પોતાનું જ છે અને કરે છે તેમાં કોઈ ઉપર પાડ કરતો નથી, પણ કામના મોજની ખાતર પોતે તે કરે છે—આવી વગર સંશયની સતત ભાવના અંદરથી જાગવી જોઇએ અને એ કામ પોતાનું–ઘરનું ગણીને કરવું જોઇએ. આમાં કામ ગમે છે કે નહિ તે પ્રશ્ન જ ન હોવો ઘટે. જે કામ કરવાનું છે તે કરવાનું જ છે, પણ અહીં વાત એ છે કે **જે કામ કરવું તે ગમવું જ જોઇએ.** મનમાં સંશય રાખીને, કામને પારકું જાણીને, કામની તરફ બેદરકારી કરીને માથેથી વેઠ ઉતારવા જેવું કામ કરવામાં મજા નથી. આ ઉપયોગી સૂત્રની જાણ ન હોવાને કારણે અનેક કામ બગડી જાય છે. કામ નહિ કરું તો શેઠનો ઠપકો આવશે, નોકરી ઉતરી જશે કે રજા મળશે, મિત્રને કે સગાને દુઃખ લાગશે—આવી વૃત્તિ ન રાખવી ઘટે. ગમે તે કરવાનું હોય, તેનો પરિણામે લાભ અન્યને મળવાનો હોય, કામ સેવાભાવે કે નિઃસ્વાર્થભાવે કરવાનું હોય, તેમાં પણ તે કામ તરફ અંદરનો ઉમળકો હોવા જોઈએ. કામ કરતી વખતે સ્વ કે પરના લાભનો ખ્યાલ ન ઘટે. દેશસેવા, સમાજસેવા કે ધર્મસેવામાં પરાર્થવૃત્તિ હોય એ સર્વ સવાલ બાજુએ રહેવા જોઇએ. કામ ઉપાડ્યું એટલે તેની સાથે જ એના પર કર્તવ્યવૃત્તિ અને અંદરનો સાચો રસ જાગવો જોઇએ. આ વૃત્તિ જામી જાય તો નાનાં કે મોટાં કોઇ પણ કામમાં ભારે મજા આવે છે અને કામ પાર પડતાં અનોખો આનંદ અનુભવાય છે, માટે કામ ગમે તેવું હલકું કે ભારે હોય, લાંબા સમય સુધી ચાલે તેવું હોય કે ટૂંક વખતમાં પૂરું થવાનું હોય, પોતા માટે હોય કે અન્યના હિત માટે હોય—એ ગમવું જોઈએ, એ પોતાનું લાગવું જોઇએ, એમાં અંદરનો રસ જામવો જોઇએ અને હોંશથી તે ઉપાડવું જોઇએ.

**મૌક્તિક**

---

"One of the greatest lesson of life is to learn not to do what one likes, but to like what one does." —H. BLACK (7-6-41)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઝરણાંના પ્રકાર

ઝરણાં અનેક પ્રકારના હોય છે. ૧ જળનું ઝરણું, ૨ લક્ષ્મીનું ઝરણું, ૩ દાનનું ઝરણું, ૪ જ્ઞાનનું ઝરણું, ૫ ઉપદેશનું ઝરણું અને ૬ પ્રકાશનું ઝરણું. એવા અનેક પ્રકારો છે તે બધાં ઝરણાં પ્રાયે વહેતા જ હોય તો પ્રફુલ્લિત રહે છે, અસર કરે છે અને વધતા પણ જાય છે; પરંતુ જો તેને રોકી રાખવામાં આવે તો તે બંધ થઇ જાય છે, અટકી જાય છે, થયેલી અસર ભૂંસાઇ જાય છે અને નવી અસર કરી શકતા નથી. હવે આપણે આ દરેક ઝરણાં બાબત કાંઇક વિચાર કરીએ.

**૧. જળનું ઝરણું** જો બંધ કરવામાં આવે-અટકાવી દેવામાં આવે તો તેમાંનું પાણી બગડી જાય છે અને ઉપકારક મટી જાય છે તેથી એનું ઝરણું વહેતું જ રાખવું જોઇએ.

**૨-૩. લક્ષ્મીનું ઝરણું** દાનરૂપે જ પ્રગટ થાય છે-દેખાય છે તેથી તે બે ઝરણાંનો એક જ પ્રકાર છે. મળેલી લક્ષ્મી જો દાનરૂપ પ્રવાહવડે વહેતી રાખવામાં આવે તો તેની સફળતા થાય છે-ઉપકારક થાય છે અને મળેલી લક્ષ્મીની સફળતા ગણાય છે; પણ જો તેના ઝરણાંને બંધ કરી દેવામાં આવે-લક્ષ્મીને ગોંધી રાખવામાં આવે તો તે ઉપકાર કરતી બંધ થઇ જાય છે એટલું જ નહીં પણ બાંધી રાખેલી લક્ષ્મી તો રાજાવડે, ચોરવડે અથવા અગ્નિવડે વિનાશ પામે છે અને તેનો માલિક કૃપણ કહેવાય છે, તેથી જેમ વહેતું પાણી નિર્મળ રહે છે તેમ જ લક્ષ્મીને પણ દાનના પ્રવાહરૂપે વહેતી રાખવામાં આવે તો તે વૃદ્ધિ પામે છે, ઉપકાર કર્યા કરે છે, તેનો માલિક **દાતા** ગણાય છે. લક્ષ્મી મળેલી તેની જ સાર્થક ગણવી કે જે તેનો સદુપયોગ કરી શકે. જો તેનો ઉપયોગ ન કરી શકે તો મળેલી લક્ષ્મી નપુંસકને મળેલી સુરૂપા સ્ત્રી જેવી નિરુપયોગી છે. એ લક્ષ્મીનો પણ ખરા કષ્ટને વખતે ઉદારદિલથી ઉપયોગ કરવામાં આવે તો અનેકગણો લાભ આપનાર થાય છે. પૂર્વે એવા મહાઉદાર **જગડુશા, પેથડશા, ભામાશા, જાવડશા** વિગેરે થઇ ગયા છે કે જેનાં નામ અત્યારે પણ પ્રાતઃકાળે લેવામાં આવે છે. કૃપણને મળેલી લક્ષ્મીનો અનેક પ્રકારે વિનાશ થયેલો દેખાય છે, છતાં તેનો ખ્યાલ ન કરતાં જે તેને બાંધી રાખે છે તેને લક્ષ્મી હસે છે કે-આ બિચારો મને બાંધી રાખીને રાજી થાય છે પણ હું કોઈ સ્થાનકે સ્થિર રહી નથી, તેથી આને લાત મારીને ચાલી જવાની છું પણ જે મારો સદુપયોગ કરે છે તેને ત્યાં મારે બંધાઇને રહેવું પડે છે; માટે આ બીજા પ્રકારનું ઝરણું ત્રીજા પ્રકારે વહેતું રાખવું જ યોગ્ય છે.

**૪. જ્ઞાનનું ઝરણું**—જ્ઞાન મેળવ્યા પછી તેને વહેતું રાખે, અન્યને પઠન પાઠન કરાવે તો જ જ્ઞાન બન્યું બન્યું રહે છે. જો તેમ ન કરે, ઝરણું બંધ કરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો મેળવેલ જ્ઞાન વિસરાઇ જાય છે, ઉપયોગ અટકી જાય છે માટે નવું જ્ઞાન મેળવવું અને મેળવેલને વહેતું રાખવું એ ખાસ જરૂરનું છે.

**૫. ઉપદેશનું ઝરણું**—સદુપદેશની ધારા જો વહેતી રાખવામાં આવે તો પ્રથમના ઉપદેશથી થયેલી અસર બની બની રહે છે; નહીં તો તેના પર આવરણ આવે છે અને ભૂલાઇ જાય છે માટે ઉપદેશનું ઝરણું પણ વહેતું જ રાખવું જોઇએ. પોતાને મળેલ જ્ઞાનનો કે ચારિત્રનો ઉપદેશદ્વારા અન્યને લાભ અપાય તો જ તેની સાર્થકતા છે માટે ઉપદેશનું ઝરણું પણ વહેતું જ રાખવું જોઇએ. ઉપદેશની જળ-સર જામેલી રાખવી હોય તો નિરંતર તેના પર સિંચન કર્યા કરવું જ જોઇએ, કારણ કે પ્રમાદને વશ પડેલ જીવ જો તેનો પ્રમાદ દૂર કરવામાં ન આવે તો પ્રમાદને વશ થઇ જાય છે અને સંસારમાં વિશેષ આસક્ત થઇ જાય છે; માટે આ ઝરણું પણ નિરંતર વહેતું રાખવું જોઇએ.

**૬. પ્રકાશનું ઝરણું**—પ્રકાશ પણ જો ખુલ્લો રાખવામાં આવે તો તેમાં વૃદ્ધિ થાય છે અને જો તેને બંધ કરીને રોકી રાખવામાં આવે તો તે ક્રમે ક્રમે ઘટી જઈ અંધકારરૂપ થઇ જાય છે. આ અનુભવનો વિષય છે માટે જ્યાંથી પ્રકાશ આવતો હોય ત્યાંથી આવ્યા જ કરે એમ કરવું જોઇએ. પ્રકાશને રોકવો નહીં. રોકવાથી તેની શક્તિ પણ ઘટી જાય છે માટે આ પ્રકાશનું ઝરણું પણ વહેતું રાખવું જોઇએ.

આ બધાં ઝરણાંમાં ખાસ મુખ્યતા દાનના ઝરણાંની અને જ્ઞાનના ઝરણાંની છે. તેને વહેતો રાખવા માટે નિરંતર સાવચેતી રાખવી જોઇએ. પહેલાં ને છેલ્લાં ઝરણાં તો પૌદ્ગલિક છે ને પ્રાસંગિક છે. ખરા ઝરણાં તો આ બે જ છે. **કુંવરજી**

## बुद्धिः कर्मानुसारिणी

આ વાક્ય જુદા જુદા અર્થમાં પ્રવર્તે છે. મનુષ્યની બુદ્ધિ પોતાના પૂર્વ-કર્મના અનુસારે થાય છે, એવો તેનો એક અર્થ છે, તેમ જ મનુષ્ય જેવા જેવા કર્મ એટલે કાર્યો કરે તેવી તેની બુદ્ધિ થાય છે; એવો પણ તેનો અર્થ છે.

જો પૂર્વકર્મને અનુસારે બુદ્ધિ થાય અને તેને અનુસારે કાર્ય થાય તો પછી તેની પરિસ્થિતિમાં ફેરફાર થઇ શકે નહીં, પરન્તુ તેમ નથી, જો કે પૂર્વ-કર્મ મનુષ્યની બુદ્ધિમાં ખાસ પ્રેરક છે, પરન્તુ બીજા નિમિત્તો અને સંયોગો પણ મનુષ્યોની પ્રવૃત્તિમાં ઘણો ફેરફાર કરે છે તેથી જ કેટલાક આત્મા સારા સંયોગથી, સત્સંગથી, સારા વાંચનથી અને સારા શ્રવણથી તેમ જ બીજા પણ એવાં અનેક શુભ કારણોથી ઉચ્ચ સ્થિતિમાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—ભાઈ ઉત્તમલાલ ભીખાચંદ-પુના કેમ્પ )

**પ્રશ્ન ૧**—પ્રતિક્રમણમાં ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન ને સજ્ઝાય પૂર્વપુરુષોનાં કરેલા કહેવાય કે આધુનિક રચેલ પણ કહેવાય ?

**ઉત્તર**—પૂર્વપુરુષોના કરેલા તો કહેવાય જ પરંતુ આધુનિક માટે એકાંત નિષેધ કરી શકાય નહીં.

**પ્રશ્ન ૨**—ત્યાગી મૂર્ત્તિને આભૂષણો પહેરાવાય ?

**ઉત્તર**—મૂર્ત્તિ સિદ્ધાવસ્થાની છે, પરંતુ તેની પૂજા કરતાં ત્રણ અવસ્થા ભાવવાની છે. તેમાં પણ છદ્મસ્થાવસ્થાના ત્રણ પ્રકાર છે, તેમાં રાજ્યાવસ્થા ચિંતવતા આભૂષણો પહેરાવી શકાય. આ પ્રવૃત્તિ ભરત ચક્રવર્તીના વખતથી ચાલી આવે છે.

**પ્રશ્ન ૩**—પ્રભુપૂજામાં સચિત્ત પાણીનો ઉપયોગ કરાય છે તેથી તેનો દોષ શ્રાવકને લાગે કે નહીં ?

**ઉત્તર**—શ્રાવકને માટે સચિત્ત જળ પુષ્પાદિથી ભક્તિ કરવાનું શાસ્ત્રોમાં કહેલ છે કારણ હજુ તેણે સચિત્તનો ઉપભોગ તજેલ નથી. એને માટે કૂવાનું દૃષ્ટાંત આપેલ છે, માટે સચિત્ત જળથી પૂજા કરી શકાય છે. ઇંદ્રે પણ જો કે તે વિબુધ કહેવાય છતાં જન્માભિષેક વિગેરેમાં સચિત્ત જળ વાપરેલ છે,

**પ્રશ્ન ૪**—રેશમ જીવોની હિંસાથી બને છે છતાં તે સાધુઓ પણ વાપરે છે તેનું શું કારણ ?

---

કેટલાક મનુષ્યો વર્તમાનમાં સારા હોય છતાં સંયોગ કનિષ્ટ મળવાથી, કુસંગતથી, અભક્ષ્યના ભક્ષણથી, ખરાબ વાંચનથી અને બુદ્ધિને ઉશ્કેરે તેવી વાણીના શ્રવણથી અધમ કોટિમાં ઉતરી જાય છે. આ હકીકત ઉપર પૂરતો વિચાર કરવાની આવશ્યકતા છે, અને તે હેતુથી જ જે મનુષ્ય ઉચ્ચ કોટિમાં આવવા ઇચ્છતા હોય તેવા મનુષ્યને સત્સંગ કરવાની, સત્શાસ્ત્ર સાંભળવાની કે સારું વાંચન વાંચવાની ઉત્કંઠા ઉત્પન્ન થાય છે. પછી જો તે બાબતમાં ઉદ્યમી રહે છે તો જરૂર તે મનુષ્ય ઉચ્ચ કોટિમાં આવી, સદ્ગુણી બને છે, સત્કાર્યો કરે છે, આત્માની ઉન્નત દશા પ્રાપ્ત કરે છે અને નિકટભવી બને છે. આ જગતમાં સાચા ને ખરેખરાં અમૃત હોય તો તે **સત્સંગતિ** અને **સારું વાંચન** એ બે જ છે. આત્માને જો સાચો સુખી કરવો હોય તો આ બને અમૃતનું સેવન કરવાની જરૂર છે.

આ લેખ માત્ર ટૂંકો લખ્યો છે પરન્તુ તેનો આશય ઘણો વિશાળ છે તે ઉપર લક્ષ ખેંચવામાં આવે છે. **કુંવરજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—એ બાબત બહુશ્રુત આચાર્યાદિને પૂછવું. એની પ્રવૃત્તિ પ્રાચીન કાળથી છે; નવી નથી.

**પ્રશ્ન ૫**—ફૂલોની નીચેની પાંખડી કરમાઇ ગયેલી હોય તો તે કાઢી નાખી શકાય કે નહીં? **ઉત્તર**—તેની પાંખડી તોડી શકાય નહીં.

**પ્રશ્ન ૬**—ફૂલનો ઉપયોગ સાંસારિક કામમાં કરવાથી તેની વિરાધનાનો દોષ લાગે? **ઉત્તર**—જરૂર લાગે.

**પ્રશ્ન ૭**—સિદ્ધચક્રની પૂજા કર્યા પછી અરિહંતની મૂર્ત્તિની પૂજા થઈ શકે?

**ઉત્તર**—થઈ શકે. એમાં બીલકુલ વિરોધ નથી.

**પ્રશ્ન ૮**—ઘરમાં અરિહંતના ફોટા લટકાવી શકાય?

**ઉત્તર**—ખાવાપીવાના કે સૂવા બેસવાના સ્થાનમાં લટકાવી ન શકાય. તે સિવાયના સ્થાનમાં બાંધી શકાય.

**પ્રશ્ન ૯**—અરિહંતની મૂર્ત્તિને લંછન કરવામાં આવે છે તે તેમનું નામ જાણવા માટે કે બીજું કાંઇ કારણ છે?

**ઉત્તર**—પ્રભુના સાથળના ભાગમાં એવું ચિહ્ન હોય છે તે મૂર્ત્તિમાં નામની ઓળખાણ માટે કરવામાં આવે છે.

**પ્રશ્ન ૧૦**—સાધુ સાધ્વીના અગ્નિસંસ્કાર વખતે બહાર લઇ જતાં 'જય જય નંદા જય જય ભદ્દા' કહેવાય છે એમ કોઇ ઉત્તમ શ્રાવક માટે કહેવાય?

**ઉત્તર**—ન કહેવાય.

**પ્રશ્ન ૧૧**—જય જય નંદા, જય જય ભદ્દાનો અર્થ શું?

**ઉત્તર**—તમારો જય થાઓ, આનંદ પામો, તમારું કલ્યાણ થાઓ એ અર્થ છે.

**પ્રશ્ન ૧૨**—ગૃહસ્થની મરણક્રિયામાં ભાગ લેનારને પૂજા થઇ શકતી નથી તો તેના નિયમને બાધ આવે?

**ઉત્તર**—નિયમને બાધ ન આવે. અંગપૂજા ન થાય પણ અગ્રપૂજા ને ભાવપૂજા થાય ને જરૂર કરે.

**પ્રશ્ન ૧૩**—પાકી કેરી, તેનો રસ ને બીજાં ફળો લીલોતરીમાં ગણાય?

**ઉત્તર**—લીલોતરીમાં ગણાય. લીલોતરીના ત્યાગવાળાથી ન વપરાય.

**પ્રશ્ન ૧૪**—ખજુર, ટામેટા ને ખસખસ અભક્ષ્ય ગણાય?

**ઉત્તર**—ખજુર ન ગણાય. ટામેટા ને ખસખસ ગણાય.

**પ્રશ્ન ૧૫**—ઉકાળેલા પાણીવાળાને વખતસર યોગ ન બને તો ચોવિહાર વાળતી વખતે તે સચિત્ત પાણીનો ઉપયોગ શી રીતે કરે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—તેમાં રક્ષા વિગેરે નાખી, એકરૂપ કરી નીતરી ગયા પછી એટલે કે રાખ નીચે બેસી ગયા પછી બે ઘડીએ તે પાણી અચિત્ત થાય ત્યારે વાપરી શકાય.

**પ્રશ્ન** ૧૬—કઠોળ ખાધા પછી દૂધ છાશ વિગેરે વાપરી શકાય ?

**ઉત્તર**—કઠોળની સાથે ન વપરાય. પછી વાપરવાનો નિષેધ નથી પણ કઠોળના અંશો મુખમાં રહેલા ન હોવા જોઈએ.

**પ્રશ્ન** ૧૭—કેરી, મરચા, લીંબુ, ગુંદા વિગેરેનું અથાણું કરેલું હોય તે લીલોતરીમાં ગણાય ? **ઉત્તર**—ન ગણાય.

**પ્રશ્ન** ૧૮—લગ્નક્રિયાની સમાપ્તિમાં છેડાછેડી છોડવા વિગેરે ક્રિયા અન્ય દેવ-દેવી પાસે કરે છે તેને બદલે માણિભદ્રની પાસે કરી શકાય ?

**ઉત્તર**—માણિભદ્ર પાસે કરાતી જાણવામાં નથી તેથી નવું ન કરવું પણ મિથ્યાત્વી દેવ-દેવી પાસે એ ક્રિયા કરતાં મિથ્યાત્વ લાગવાને સંભવ છે.

**પ્રશ્ન** ૧૯—ગ્રહણ સમયે દેરાસર બંધ રાખવામાં આવે છે તેનું કારણ શું ?

**ઉત્તર**—એ વખતે વાતાવરણ અપવિત્ર થઇ જાય છે તેથી દેરાસર બંધ રાખવામાં આવે છે. તેને માટે અનેક શાસ્ત્રાધારો પણ છે.

**પ્રશ્ન** ૨૦—થુંક ગળવાથી કે સ્ત્રીનું મુખ-ચુંબન કરવાથી ચોવિહારનો ભંગ થાય ? **ઉત્તર**—થુંક ગળવાથી ન થાય; મુખચુંબનથી થાય.

**પ્રશ્ન** ૨૧—છાશ સચિત્ત છે કે અચિત્ત. **ઉત્તર**—અચિત્ત છે.

**કુંવરજી**

## ( ૨ )

( પ્રશ્નકાર—**માસ્તર એન. એમ. શાહ.** )

**પ્રશ્ન** ૧—સામાયિક વિગેરે ધર્મકરણી પૂર્વ અને ઉત્તર દિશા સન્મુખ કરવાનું કહે છે તેનું શું કારણ ?

**ઉત્તર**—પૂર્વ ને ઉત્તર દિશા શુભ ગણાય છે તેથી તેમ કહેલ છે, પરંતુ ધર્મકરણી ચારે દિશા સામે થઇ શકે છે.

**પ્રશ્ન** ૨—એક મંગળદીવામાં ' આરતી ઉતારી રાજા કુમારપાળે ' એમ કહ્યું છે તેનું શું કારણ ?

**ઉત્તર**—કુમારપાળ રાજા સંઘ કાઢીને સિદ્ધાચળની યાત્રાએ આવ્યા ત્યારે ઘણી મોટી રકમની દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરીને આરતી ઉતારી હતી, તેથી મંગળ દીવાના કર્ત્તાએ તેમનું નામ દાખલ કર્યું છે.

**પ્રશ્ન** ૩—તેરશને દિવસે દેવસી પ્રતિક્રમણમાં ' સંતિકરં ' સ્તવનને સ્થાને અને ' મન્નહ જિણાણં આણં 'ની સજ્ઝાય સજ્ઝાયને સ્થાને બોલાય છે તેનું શું કારણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—આગળ આવનારું ચતુર્દશીનું પર્વ નિર્વિઘ્ને વ્યતીત થાય માટે સંતિકરં કહેવાય છે અને શ્રાવકના કૃત્યો તેમાં પણ મુખ્યતાએ પોસહ વિગેરે શ્રાવકના છત્રીશ કર્તવ્યો કરવાનું સંભારી આપવા માટે 'મન્નહ જિણાણં આણું' ની સજ્ઝાય બોલાય છે.

**પ્રશ્ન** ૪—દરેક પૂજાને અંતે ઝાલરનાં ૨૭ ટકોરા વગાડાય છે તેનું શું કારણ?

**ઉત્તર**—એ સંખ્યા ઠીક લાગવાથી પૂર્વપુરુષોએ એવી ગોઠવણ કરી છે. તેનું બીજું કોઇ ખાસ કારણ જાણવામાં નથી.

**પ્રશ્ન** ૫—ચરજ્યોતિષીમાં ધ્રુવનો તારો સ્થિર રહે છે તેનું શું કારણ?

**ઉત્તર**—જગતસ્વભાવે અનાદિકાળથી તે તારો સ્થિર જ છે. તેનું કાંઇ ખાસ કારણ નથી.

**પ્રશ્ન** ૬—અભવ્યને ગુણઠાણા કેટલા હોય? **ઉત્તર**—પહેલું જ હોય.

**પ્રશ્ન** ૭—શત્રુંજયનું કંચનગિરિ નામ શાથી પડ્યું?

**ઉત્તર**—નવાણુંપ્રકારી પૂજામાં પં. વીરવિજયજી લાવ્યા છે કે ભરતચક્રીએ ભરાવેલ ઋષભદેવનું બિંબ પૂર્વ દિશાએ રહેલી સુવર્ણ ગુફામાં રાખ્યું છે તેથી લોકો એ પર્વતનું નામ 'કંચનગિરિ' કહે છે.

**પ્રશ્ન** ૮—નવતત્ત્વના કર્ત્તા કોણ?

**ઉત્તર**—હાલમાં પ્રચલિત છે તે નવતત્ત્વના કર્ત્તા પૂર્વાચાર્ય છે. ચોક્કસ નામ પ્રસિદ્ધિમાં નથી. બીજા પણ નવતત્ત્વો બનેલા છે તેનો સંગ્રહ આચાર્ય શ્રી વિજયોદયસૂરિએ એક બુકમાં કરેલ છે.

**પ્રશ્ન** ૯—ઉપધાનને અંતે માળારોપણ કરવામાં આવે છે તેનું શું કારણ?

**ઉત્તર**—એ ઉત્તમ કાર્યની સમાપ્તિનું ને મહામંગળિકનું સૂચક છે. તેમજ જિનમંદિર ઉપર કળશ ચઢાવવું જેવું કાર્ય છે. ખાસ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન** ૧૦—દેવલોકમાં કાળ કેવો હોય છે?

**ઉત્તર**—કાયમ એક સરખો હોય છે અને અત્યંત શુભ હોય છે. અવસર્પિણી ઉત્સર્પિણીની જેમ બાર આરાનો ક્રમ કે કાળનો ફેરફાર ત્યાં થતો નથી.

**પ્રશ્ન** ૧૧—કેસરની ઉત્પત્તિ કેવી રીતે થાય છે?

**ઉત્તર**—કેસરના વૃક્ષ ઉપર પુષ્પના મધ્ય ભાગમાં થાય છે, એમ જાણવામાં છે. ઘણું કરીને કેસર કાશ્મીરમાં થાય છે.

**પ્રશ્ન** ૧૨—બારવ્રતની પૂજામાં બીજા વ્રતની પૂજામાં 'માંસાહારી માતંગી બોલે' ઇત્યાદિ ગાથા કહી છે તે કોને ઉદ્દેશીને કહી છે?

**ઉત્તર**—અસત્ય બોલનારનું માતંગીના કરતાં પણ કનિષ્ટપણું બતાવવા માટે કહેલી છે. જુઓ વધારે વિવેચન માટે ચાલુ સાલમાં વીરવિલાસ નં. ૧૮ પૃ. ૨૯૮ **કુંવરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

## ( ૮ )

**પથિક**—મહાત્મન્ ! આ દિવ્ય નયન તો કોઈ અદ્ભુત વસ્તુ છે ! આવા દિવ્ય નયનથી—સમ્યગ્ યોગદષ્ટિથી જ મોક્ષમાર્ગ દેખી શકાય એ આપનું કથન હવે મને સમજાવા લાગ્યું છે. ખરેખર ! એ દિવ્ય નયન જ પરમ કલ્યાણ આપનાર છે. સાચા મુમુક્ષુ પુરુષે તે પ્રાપ્ત કરવા સર્વાત્માથી પરમ પુરુષાર્થ કરવો જોઇએ. આપે આ તેનું રસપ્રદ સ્વરૂપ ટૂંકમાં કહ્યું તે પણ કેટલું બધું રોચક ને હૃદયંગમ છે ? તો પછી તેની સાક્ષાત્ પ્રાપ્તિ તો કેટલી બધી આનંદદાયક ને પરમાર્થમાર્ગપ્રદર્શક થઇ પડે ? તેનો હવે મને કંઇક ખ્યાલ આવે છે. એ પરમાર્થદષ્ટિ વિના તો બધું ય અંધારું છે. 'આંખ વિના અંધારું રે' એમ લોકોક્તિ કહેવાય છે, તે અહીં પરમાર્થમાર્ગમાં સાવ સાચી જણાય છે. યોગિરાજ ! તે દિવ્ય નયન પ્રાપ્ત કરવાની મને તીવ્ર ઇચ્છા ઉપજી છે. તે કેમ પ્રાપ્ત થાય ? કોની પાસેથી પ્રાપ્ત થાય ? કેવી રીતે પ્રાપ્ત થાય ? તેનો સુગમ ઉપાય આપ કૃપા કરીને દર્શાવો. આટલી બધી આ પુરુષપરંપરા છે, તેમાંથી શું કયાંય એ દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ થશે ? જુઓ ! આ આટલા બધા આચાર્ય નામધારીઓ છે. ભક્તજનો તેની બિરુદાવલી બોલે છે. કોઇ સૂરિચક્રચક્રવર્તી, કોઇ સૂરિસમ્રાટ્, કોઇ આચાર્યચૂડામણિ, કોઇ સૂરીશ્વર કહેવાય છે. કોઇ જિનશાસનોદ્ધારક, કોઇ અર્હત્ શાસનપ્રભાવક, કોઇ જિનાગમરહસ્યજ્ઞાતા, કોઇ વ્યાખ્યાનવાચસ્પતિ, કોઇ સાક્ષાત્ સરસ્વતી વગેરે બિરુદ ધરાવે છે. કોઈ ધીર ગંભીર સ્વરે અભિનય રહિતપણે શાંત વ્યાખ્યાનો આપે છે, ને કોઈ મોટા સ્વરે અભિનયપૂર્વક દીક્ષામાં પર્યાપ્તિ પામતા ઉદ્દામ ઉપદેશો કરે છે. તેઓની પાસેથી શું આ દિવ્ય નયનની પ્રાપ્તિ થશે ? વળી આ આટલા બધા ઉપાધ્યાય આદિ પદવીના ધારક પુરુષો છે, મોટા વિદ્વાન પંડિત ગણાય છે, વાદીને પરાજિત કરે એવા તર્કનિપુણ ને ખંડનમંડનનિષ્ણાત છે, શાસ્ત્રના અઠંગ અભ્યાસી ને અભ્યાસ કરાવનાર છે, તેઓની પાસેથી શું દિવ્ય નયનની પ્રાપ્તિ થશે ? વળી આ સેંકડોની સંખ્યામાં સાધુ વેષધારીઓ દષ્ટિગોચર થાય છે. તેઓ બાહ્ય ક્રિયાકાંડમાં ચીવટવાળા ને કાયક્લેશરૂપ તપશ્ચર્યામાં એક્કા છે. ગૃહસ્થો 'જી જી' કહીને તેમનો પડ્યો બોલ ઝીલે છે, ને તેઓ પણ તે ગૃહસ્થોને પોતપોતાના વાડામાં બરાબર પૂરાઇ રહેવાનો બોધ દઢ કરવાની તકેદારી રાખે છે. તેઓની પાસેથી શું આ દિવ્ય નયનની પ્રાપ્તિ થશે ? આ સંબંધી આપનો અનુભવ શું કહે છે ? તે હું જાણવા ઇચ્છું છું.

**યોગિરાજ**—હે ભવ્ય ! જે પામેલો હોય તેની પાસેથી પમાય. દીવામાંથી દીવો પ્રગટે. કૂવામાં હોય તો હવાડામાં આવે. આ નગ્ન સત્ય છે. દેખતો હોય તે દેખાડે, એટલે કે કોઇ દિવ્યચક્ષુ પ્રાપ્ત દ્રષ્ટા પુરુષ હોય તો તે અવશ્ય માર્ગ દેખાડી શકે, દિવ્ય ચક્ષુ આપી શકે; પણ ખેદની વાત એ છે કે વર્તમાન સમાજની સ્થિતિનો વિચાર કરીએ છીએ તો આંખે અંધારા આવે એવી કરુણ સ્થિતિ છે; કારણ કે સાક્ષાત્ માર્ગદ્રષ્ટા એવા દિવ્ય નયન-પ્રાપ્ત પુરુષની અત્રે બહુ બહુ ખામી જણાય છે-ભારી ખોટ જણાય છે.



For Private And Personal Use Only

આ કાળ દુષમ છે, એટલે જ એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષનો જોગ મળવો પરમ દુર્લભ છે. હમણાં તો મને એવો કોઇ દિવ્ય નયન પામેલો પુરુષ દેખાતો નથી ને આજે પુરુષ-પરંપરાની તું વાત કરે છે, તેમાં પણ કાંઈ સાર નથી-કાંઇ માલ નથી.

કારણ કે તેં જે આ આચાર્યાદિ કહ્યા તે પણ મુખ્યત્વે દ્રવ્યથી છે; ભાવથી નહીં. હાલમાં તો જ્યાં જુઓ ત્યાં આ આચાર્યોનો ને પદવીધરોનો રાફડો ફાટ્યો છે, પણ ભાવથી આચાર્યપણું, ઉપાધ્યાયપણું કે સાધુપણું છે કે નહિં, તે કોઇ જોતું નથી, તેની કોઇ પરીક્ષા કરતું નથી! જેને પંચ પરમેષ્ઠિમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું છે એવા ભગવાન આચાર્યાદિની* આત્મદશા કેવી અદ્‌ભુત, કેવી વીતરાગ, કેવી પ્રશમપ્રધાન હોવી જોઇએ, તેનું ગુણસ્થાન કેવું ઊંચું હોવું જોઈએ, તેનો વિચાર કરવા કોઈ તસ્દી લેતું નથી! આ તો અમારા કુલ સંપ્રદાયના આચાર્ય છે, અમારા મા'રાજ છે, એવા મમત્વભાવથી પ્રેરાઇને પ્રાયે લોકો પોતાના કુલગુરુનું મમત્વ-અભિમાન રાખે છે, પણ ભાવયોગી એવા ભાવાચાર્ય, ભાવ ઉપાધ્યાય, ભાવસાધુનું જ માન્યપણું શાસ્ત્રમાં કહ્યું છે, તે લક્ષમાં રાખતા નથી. એટલે જ વર્તમાન સાધુસમાજની શોચનીય અવદશા થઇ પડી છે, કારણ કે લોકો દ્રવ્યસાધુ-ભાવસાધુનો વિવેક કરતા નથી કે જાણતા નથી, ને વેષમાં સાધુપણું માની ગમે તેવા દ્રવ્યલિંગીને આદર આપે છે ને પોષે છે. એટલે લોક-અભિપ્રાયનું કોઇ પણ નિયંત્રણ નહિં રહેવાથી, સાધુઓ પણ શિથિલાચારી બની ભાવસાધુપણું પામવાને બદલે વેષની વિડંબના કરે એવી સંભાવના રહે છે. આથી ઊલટું જો લોકો ભાવસાધુને જ માન્ય કરતા હોય, તો તેવું શિથિલાચારીપણું પ્રવેશવા ન પામે, ને સાધુઓ પણ ભાવ-સાધુત્વ સાધવા ભણી સતત પ્રયત્નશીલ બને. કેટલાક આચાર્યોનો મત તો એવો છે કે-ભાવસાધુત્વ પ્રથમ હોવું જોઇએ ને પછી તેના સૂચક પ્રતીકરૂપ દ્રવ્યલિંગ ધારણ કરવું જોઇએ. ગાડી આગળ ઘોડો હોવો જોઇએ, નહિં કે ગાડી પાછળ. તેમ ભાવસાધુત્વ પ્રથમ હોવું જોઇએ ને પછી દ્રવ્ય. અથવા બીજી અપેક્ષાએ દ્રવ્ય પ્રથમ ગણીએ તો પણ તે ભાવસાધુત્વનું કારણ થઇ પડે તો જ તેનું સફળપણું છે. નહિં તો વેષવિડંબના માત્ર જ થઇ પડે! આ ગમે તેમ હો, પણ સર્વત્ર ભાવાચાર્ય આદિનું જ માન્યપણું છે, એ વાત નિર્વિવાદ છે. અને તેવા પ્રકારે યોગાચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે:—

" आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।
वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥ " શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

અર્થાત્-ભાવયોગી એવા આચાર્યાદિ પ્રત્યે આ વિશુદ્ધ કુશળ ચિત્તાદિ રાખવું તે ઉત્તમ યોગબીજ છે, અને વિધિયુક્તપણે શુદ્ધ આશયવિશેષથી તેમનું (ભાવાચાર્યઆદિનું) વૈયાવૃત્ત્ય કરવું તે પણ યોગબીજ છે.

---

* "ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે;
ભવસાયર લીલાએ ઉતરે, સંયમ કિરિયા નાવે...ધન્ય૦"
શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણસો ગાથાનું સ્તવન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મોટા ખેદની વાત છે કે વર્તમાનમાં તથાપ્રકારના ભાવયોગી, ભાવાચાર્ય, ભાવસાધુ× આદિના દર્શન અતિ અતિ દુર્લભ થઈ પડ્યા છે. કોઈ ખૂણે ખાંચરે કોઈ વિરલ સંત હોય તો ભલે, બાકી દ્રવ્યાચાર્ય–દ્રવ્યસાધુ આદિની તો વિપુલતા છે, પણ તેથી કાંઇ વળે નહિ; કારણ કે દ્રવ્યાચાર્યાદિને માનવા તે કૂટરૂપમાં* અકૂટબુદ્ધિરૂપ છે, કૂડાને રૂડા માનવા બરાબર છે અને તે સારું નથી, એમ શ્રી હરિભદ્રસૂરિએ ચોકખેચોકખું કહ્યું છે.

એટલે આવી આ પુરુષપરંપરા પાસેથી દિવ્ય નયનની આશા રાખવી તે વ્યર્થ છે, કારણ કે ઉત્તરોત્તર સદ્ગુરુપ્રસાદથી દિવ્ય નયન પ્રાપ્ત કરતી સળંગ પુરુષપરંપરા પણ ક્યાં રહી છે? અત્રે તો પ્રાયે આંધળાની પાછળ અંધ દોડે એના જેવી સ્થિતિ છે.

**" પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય "**

બધાય એમ દાવો કરે છે કે–અમે જિનની પરંપરામાં છીએ. સૌ પોતપોતાની ગાય છે, પણ તેઓનો અનુભવ જો જોઇએ છીએ તો તેમાં કાંઈ દિવ્ય નયનનો ચમત્કાર દેખાતો નથી, જિન જેવા પરમાત્માની પરંપરા સાચવવાનો દાવો કરનાર પુરુષમાં જેવો આત્માનુભવ જોઇએ, જેવો આત્મવિકાસ જોઇએ, જેવો અધ્યાત્મપરિણતિભાવ જોઈએ, જેવો દિવ્ય દૃષ્ટિનો આવિષ્કાર જોઈએ, તેનો છાંટો પણ અત્ર દેખાતો નથી. એટલે આ પુરુષપરંપરા પણ આંધળાની પાછળ આંધળા દોડતા હોય એવી છે; **જેમ એક મેંઢું બેં કરે તો બીજા પણ બેં બેં કરી મૂકે, મેંઢાની પાછળ મેંઢું ચાલ્યું જાય, એ પ્રાયે ગાડરિયા પ્રવાહ જેવી ગતાનુગતિકતા અનુસરનારી છે.**

**પથિક—મહાત્મન્! આપ એમ કેમ કહો છો? કયા આધારથી કહો છો?**

**યોગિરાજ—**હે ભદ્ર! શુદ્ધ હેતુપૂર્વક અનુભવથી કહું છું, શાસ્ત્ર આધારથી કહું છું; કારણ કે આગમનો જે મુનિપણાનો–શ્રમણપણાનો+ નિર્મલ આદર્શ છે, તેને અનુસરીને જો હું વસ્તુ વિચારવા બેસું, વસ્તુસ્થિતિ ગવેષું, તો એના કથનમાં ને આ લોકોના આચરણમાં આકાશ–પાતાલનું અંતર છે, 'ચરણ ધરણ નહિ ઠાય'—પગ મૂકવાનું પણ ઠેકાણું નથી; કારણ કે આગમમાં જ્યારે વીતરાગતાની વાત કરી છે, ત્યારે આ

× " જ્ઞાનવંત જ્ઞાની શું મલતા, તન મન વચને સાચા;
દ્રવ્ય–ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા...ધન્ય "–**શ્રી યશોવિજયજી**

* " किंविशिष्टेषु ? आह 'भावयोगिषु'। न द्रव्याचार्यादिषु धर्मजलक्षणेषु, कूटरूपे खल्वकूटबुद्धेरप्यसुन्दरत्वात्। "—**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ.**

" ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે "—**શ્રી યોગદૃષ્ટિ સજઝાય**

+ " થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં થોડા;
તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલપ–બહુ મોડા "...**શ્રી યશોવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો દાવો તો તેને અનુસરવાનો કરે છે, પણ પ્રાયે સાધે છે રાગદ્વેષ! વીતરાગે જ્યારે વિશ્વબંધુતાની વિશાલ ભાવના ઉપદેશી છે ત્યારે આ પોતપોતાના સંકુચિત સંપ્રદાય-ગચ્છ-વાડા બાંધીને બેસી ગયા છે! વીતરાગે જ્યારે કષાય-કલેશ દૂર કરવાના કહ્યા છે ત્યારે આ મહાનુભાવો પ્રાયે કષાયથી ગ્રસાયેલ છતાં વીતરાગધર્મના સંરક્ષક હોવાનો દાવો કરતા રહી તે જ કષાયોને પુષ્ટ કરે છે! તત્ત્વશૂન્ય નાના નાના ક્ષુદ્ર મતભેદો ને નિઃસત્વ નિર્માલ્ય ચર્ચાઓને નિમિત્તે મોટા મોટા ઝઘડા-ટંટા-ફીસાદ ઉપસ્થિત કરે છે! ખોટા વિતંડાવાદ ઊભા કરી સમય ને શક્તિનો અપવ્યય કરી સમાજની ક્ષીણતા કરે છે! વીતરાગનું નામ પણ જ્યારે શાંતિ ફેલાવે છે ત્યારે આ વીતરાગના કહેવાતા અનુયાયીઓની સાક્ષાત્ હાજરી પણ કવચિત અશાંતિ પ્રસારે છે! વીતરાગ ધર્મના અનુયાયીઓમાં તો વીતરાગતાનું જ વલણ હોય, નહિં તો તે અનુયાયી શાના? નામ માત્ર અનુયાયી હોય તો ભલે. હા! કોઇ શાંત વૃત્તિવાળા મહાનુભાવ સાચા મુમુક્ષુ આત્માઓ પણ છે, પરન્તુ તે વિરલાઓ બહુ અલ્પ માટે આવી આ વર્તમાન પુરુષપરંપરા પાસેથી દિવ્ય નયનની અપેક્ષા રાખવી તે પ્રાયઃ અજાગલસ્તન જેવી વ્યર્થ છે, માટે જ મારે સખેદ કહેવું પડે છે કે—

"પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારું રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિં ઠાય...
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."

આ બધું હું મારા જાતિ અનુભવથી કહું છું, કારણ કે હું તેઓની મધ્યે પૂર્વે ઘણો વખત વસ્યો છું, તેઓના નિકટ પરિચયમાં આવ્યો છું. તેઓના આચાર, વિચાર, દશા આદિ મેં જોયા છે, અને શ્રમણ ભગવાન્ **મહાવીરના** મૂળ પરમાર્થ માર્ગથી-અધ્યાત્મપરિણતિમય મોક્ષમાર્ગથી તેઓ પ્રાયે કેટલાં દૂર-સુદૂર છે તે સખેદ અનુભવ્યું છે. તે પરમ શાંતિપ્રદ શાંતિ માર્ગનું તેમને તાત્ત્વિક લક્ષ નથી, એટલે તેઓ કાં તો તથારૂપ આત્મપરિણતિમય ક્રિયા વગરના શુષ્ક જ્ઞાનમાં તણાઇ ગયા છે, અને કાં તો અંતરંગ ભાવરૂપ સ્પર્શ વિનાના બાહ્ય ક્રિયાકાંડમાં જડપણે રાચતા રહી પ્રાયઃ **ક્રિયાજડતાથી** ગ્રસ્ત થયા છે. તેઓમાં મેં જેટલી લોકને રીઝવવા માટેની વાસના દીઠી તેટલી સ્વાત્માને બૂઝવવાની ભાવના ન દીઠી. તેઓમાં મેં જેટલી ધામધૂમની ધમાલ ને બાહ્ય આડંબરની વિપુલતા દીઠી, તેટલી જ્ઞાનમાર્ગ માટેની પિપાસા કે આત્મધર્મ-આરાધના પ્રત્યેની વૃત્તિ ન દીઠી! પોતાના પૂજા-સત્કાર-માનાદિની જેટલી એષના દીઠી તેટલી આત્માર્થ માટેની તમન્ના ન દીઠી! તેઓમાં પ્રાયઃ દિવ્ય નયનના અભાવથી મેં કેવળ દષ્ટિઅંધપણું દીઠું. આમ સામાન્યપણે બાહુલ્યથી મેં જે પરિસ્થિતિ નિહાળી તે અદ્વેષપણે કેવળ કરુણાભાવથી કહી દેખાડી, એમાં પવિત્ર જિનશાસન પ્રત્યેની અંતરદાઝ સિવાય કોઇ અન્ય હેતુ નથી.

( અપૂર્ણ )

—ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા M. B. B. S.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાર ક્ષમાશ્રમણો

[ ૩ ]

લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

( અનુસંધાન પૃષ્ઠ ૩૪૧ થી )

## ૬. પ્રદ્યુમ્ન.

**વિસેહનિસિહચુણ્ણિ જિનદાસ**ગણિ મહત્તરે રચી છે. એમાં એમણે પોતાનું નામ ખૂબીથી રજૂ કર્યું છે. સાથે સાથે પોતાના વિદ્યાગુરુ તરીકે **પ્રદ્યુમ્ન** ક્ષમાશ્રમણનો ઉલ્લેખ કર્યો છે. **જિનદાસ**ગણિએ **નંદીચુણ્ણિ** રચી છે. એની અનેક હસ્તલિખિત પ્રતિઓમાં એનો રચના-સમય **શક** સંવત્ ૫૯૮નો એટલે કે **વિક્રમ** સંવત્ ૭૩૩નો જોવાય છે. આગમોદ્ધારક જૈનાચાર્ય **આનંદસાગરસૂરિ**જીએ સંપાદિત કરેલી આવૃત્તિમાં **શક** સંવત્ ૫૦૦ નો ઉલ્લેખ છે. **શક** ૫૯૮ અને **શક** ૫૦૦ એ બંનેમાંથી એકે વર્ષ **નંદીચુણ્ણિ**ના રચના-સમય તરીકે આ. **આનંદસાગરસૂરિ**જીને માન્ય નથી એમ લાગે છે. તેમના મતે **હરિભદ્રસૂરિ વીર** સંવત ૧૦૫૫ યાને વિ. સં. ૫૮૫ માં સ્વર્ગે સંચર્યા એ હકીકતને આથી વાંધો આવે છે. વળી **પ્રદ્યુમ્નસૂરિ** 'પૂર્વધર' હતા એમ જે એઓ માને છે તેનો પણ આની સાથે મેળ ખાતો નથી. શું આ બે કારણોને લઇને તેઓ ભિન્ન મત ધરાવે છે?

**જિનદાસ**ગણિએ **અણુયોગદ્દારચુણ્ણિ** રચી છે. **આનંદસાગરસૂરિ**જીના કથન મુજબ **આવસ્સયચુણ્ણિ**[1], **દસવેયાલિયચુણ્ણિ** અને **ઉત્તરજ્ઝયણચુણ્ણિ** પણ **જિનદાસ**ગણિની કૃતિઓ છે. એમના વિદ્યાગુરુ **પ્રદ્યુમ્ન** ક્ષમાશ્રમણે કોઈ કૃતિ રચી હોય તો તે જાણવામાં નથી.

## ૭. મલ્લવાદી.

આ નામની કેટલીક વ્યક્તિઓ થઇ ગઇ છે.

( ૧ ) **પ્રભાવકચરિત**માં સૂચવ્યા મુજબ વીરસંવત્ ૮૮૪માં બૌદ્ધોને હરાવનાર અને **દ્વાદશારનયચક્રવાલ** રચનાર.

( ૨ ) **ધર્મકીર્તિ**કૃત **ન્યાયબિન્દુ** ઉપરની **ધર્મોત્તર**ની ટીકા ઉપર ટિપ્પણ રચનાર **મલ્લવાદી.**

( ૩ ) **વિક્રમ**ની તેરમી સદીમાં થયેલા અને જેમના કાવ્યની મંત્રીશ્વર **વસ્તુપાલે** પ્રશંસા કરી છે એ **મલ્લવાદી.**

---

૧. **જિનવિજય**જીએ **અકલંકગ્રન્થત્રય**ના પ્રાસ્તાવિક( પૃ. ૪ )માં કહ્યું છે કે–મેં "હરિભદ્રસૂરિકા સમયનિર્ણય" માં **જિનદાસ**ગણિને **નંદીચુણ્ણિ**ના કર્તા તરીકે ઓળખાવ્યા છે અને તેમ કરનાર તરીકે હું બહુકે પહેલો છું. વિશેષમાં તેઓ કહે છે કે–**જિનદાસ**ગણિ **આવસ્સયચુણ્ણિ** અને ( વિસેસ )**નિસીહચુણ્ણિ**ના પણ કર્તા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) જેમના નામથી મલ્લવાદી [1]ગચ્છ ચાલ્યો એ **મલ્લવાદી.**

આ પૈકી પહેલા જ 'ક્ષમાશ્રમણ' પદવીથી અલંકૃત છે એટલે એમનો જ વિચાર કરવો પ્રસ્તુત છે.

**ભદ્રેશ્વર**કૃત **કહાવલી, પ્રભાચન્દ્ર**સૂરિકૃત **પ્રભાવકચરિત,** મેરુતુંગસૂરિકૃત **પ્રબન્ધચિન્તામણિ, રાજશેખર**સૂરિકૃત **ચતુર્વિંશતિપ્રબન્ધ** યાને **પ્રબન્ધકોશ** અને **સંઘતિલક**સૂરિકૃત **તત્ત્વકૌમુદી** એ **મલ્લવાદીના** જીવનવૃત્તાન્ત રજૂ કરનારી પ્રાચીન કૃતિઓ છે. એ પૈકી **કહાવલી** એ જ પાઇય કૃતિ છે અને એ લગભગ દસમા–અગિયારમા સૈકા જેટલી જૂની છે. **પ્રભાવકચરિત, પ્રબન્ધચિન્તામણિ, ચતુર્વિંશતિપ્રબન્ધ** અને **તત્ત્વકૌમુદી** એ અનુક્રમે વિક્રમ સંવત્ ૧૩૩૪, ૧૩૬૨, ૧૪૦૫ અને ૧૪૨૨માં રચાયેલ છે. **પ્રભાવકચરિત** (મલ્લવાદી પ્રબંધ, શ્લો. ૮૩) પ્રમાણે **મલ્લવાદી**એ બૌદ્ધોને અને તેમના વ્યંતરોને વીર સંવત્ ૮૮૪( વિ. સં. ૪૧૪ )માં હરાવ્યા. આ રહ્યું એ પદ્ય:—

" श्रीवीरवत्सरादथ शताष्टके चतुरशीतिसंयुक्ते ।
जिग्ये स <u>मल्लवादी</u> बौद्धांस्तद्व्यन्तरांश्चापि ॥ ८३ ॥ "

વિશેષમાં આ **પ્રભાવકચરિત**(મલ્લ૦, શ્લો. ૩૪)માં **મલ્લવાદી**એ [2]**દ્વાદશારનયચક્ર** રચ્યાનો ઉલ્લેખ છે. **ચતુર્વિંશતિ પ્રબન્ધ** (પૃ. ૪૬) [3]પ્રમાણે શાસનદેવીએ **મલ્લવાદીને નયચક્ર** નામનો ગ્રંથ આપ્યો. આમાં રહેલા ચમત્કારિક તત્ત્વનો સાદો અર્થ એ થાય કે એમણે **નયચક્ર** નામનો ગ્રંથ રચ્યો. આ ઉપરથી **દ્વાદશારનયચક્રવાલ** અને **નયચક્ર** એ બંને એક જ ગ્રન્થ છે અને બીજું નામ એ પહેલાનું સંક્ષિપ્ત રૂપ છે એમ જોઇ શકાય છે. આના ઉપર **સિંહ** ક્ષમાશ્રમણે ટીકા રચી છે. મૂળ કૃતિ **દ્વાદશારનયચક્ર** એ નામથી ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાલા તરફથી ટીકા સહિત છપાય છે અને એનું સંપાદનકાર્ય દક્ષિણવિહારી **અમરવિજયજી**ના શિષ્ય મુનિ **ચતુરવિજયજી** કરે છે. **અકલંકે** નયોનું વિશેષ વિવરણ જાણવા માટે **નયચક્ર** જોવાની ભલામણ **ન્યાયવિનિશ્ચય**(૩, ૯૧)માં કરી છે. પ્રસ્તુત ઉલ્લેખ નીચે મુજબ છે:—

" इष्टं तत्त्वमपेक्षातो नयानां नयचक्रतः ।[4] "

આ **નયચક્ર** તે **મલ્લવાદી**કૃત **નયચક્ર** જ હોવો જોઇએ એમ **કૈલાશચન્દ્ર શાસ્ત્રી**એ **ન્યાયકુમુદચન્દ્ર**( ભા. ૧ )ની પ્રસ્તાવના( પૃ. ૭૬ )માં કહ્યું છે. વિશેષમાં

---

૧. આ ગચ્છના કોઇ આચાર્યે પ્રતિષ્ઠિત કરેલી ધાતુની મૂર્તિ દિલ્હીમાં **લાલા હજારીમલજી** ઝવેરીના ઘર દહેરાસરમાં છે અને એ લગભગ ચૌદમી સદીની મૂર્તિ છે એમ "શ્રી જૈન સત્ય પ્રકાશ"(ક્રમાંક ૭૩-૭૫)માં ૧૨૨મે પાને સૂચવાયું છે.

૨. નૈગમ વગેરે સાત નયો પૈકી દરેકના સો સો પ્રકારો સૂચવનાર **સપ્તશતારનયચક્ર** નામની કૃતિ નાશ પામેલી મનાય છે, જ્યારે આ કૃતિમાં પ્રત્યેક નયના બાર બાર પ્રકારો હોવાનું કહેવાય છે.

૩. મેં સંપાદિત કરેલી આવૃત્તિ પ્રમાણેનો આ અંક છે.

૪. જુઓ **ન્યાયકુમુદચન્દ્ર**( ભા. ૧ )ની પ્રસ્તાવના ( પૃ. ૭૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે એ પણ સૂચવ્યું છે કે–**અકલંક** પછી લગભગ સો વર્ષે રચાયેલો એવો **લઘુનયચક્ર** નામનો ગ્રન્થ દિગંબરોના સાહિત્યમાં છે. આ નામ ઉપરથી તેમ જ અન્ય ઉલ્લેખો ઉપરથી એ સિદ્ધ થાય છે કે–**નયચક્ર** નામનો કોઈ મોટો ગ્રંથ છે. આ મોટો ગ્રંથ તે **મલ્લવાદીએ** રચેલ **નયચક્ર** જ હોવો જોઇએ.

**વિદ્યાનંદીએ** તત્ત્વાર્થશ્લોકવાર્તિક( પૃ ૨૭૬ )માં નીચે મુજબની પંક્તિદ્વારા નયના વિશદ અને વિશિષ્ટ નિરૂપણ માટે **નયચક્ર** જોવાની ભલામણ કરી છે:—

"**तद्विशेषाः प्रपञ्चेन सञ्चिन्त्या नयचक्रतः ।**[1]"

આ **નયચક્રને** હું તો **મલ્લવાદીના નયચક્રથી** અભિન્ન ગણું છું, જો કે "સન્મતિ–પ્રકરણ"ની પ્રસ્તાવના( પૃ. ૭૬ )માં નીચે મુજબ ઉલ્લેખ જોવાય છે—

"મલ્લવાદીના કે બીજા જ કોઇ આચાર્યના **નયચક્રના** અભ્યાસના પરિણામરૂપ **વિદ્યાનંદીના** નયનિરૂપણમાં જે સપ્તભંગીઓના વિવિધ ભેદો પરત્વે વર્ણન છે તેમાં **સન્મતિના** સપ્તભંગી પરિચયનો થોડો પણ ફાળો હોય એવી ધારણા રહે છે.

**અનેકાન્તજયપતાકા**( ખં. ૧, પૃ. ૫૮ અને ૧૧૬ )માં જેમનો 'વાદિમુખ્ય' તરીકે **હરિભદ્રસૂરિએ** ઉલ્લેખ કર્યો છે અને જેમની **સમ્મઇપયરણની** ટીકામાંથી આ પૃષ્ઠો ઉપર નીચે મુજબનું એક અવતરણ અપાયું છે તેમને હું પ્રસ્તુત **મલ્લવાદી** માનું છું, કેમ કે **હરિભદ્રસૂરિની** પૂર્વે આ સિવાયના બીજા કોઇ **મલ્લવાદી** થયાનો કોઇએ ઉલ્લેખ કર્યો હોય એમ જણાતું નથી.

"**स्वपरसत्त्वव्युदासोपादानापाद्यं हि वस्तुनो वस्तुत्वम् ।**" પૃ. ૫૮.

"**न विषयग्रहणपरिणामादृतेऽपरः संवेदने विषयप्रतिभासो युज्यते, युक्तत्वयोगात्.**"–પૃ. ૧૧૬.

**અનેકાન્તજયપતાકાની** સ્વોપજ્ઞ વ્યાખ્યા( પૃ ૫૮ અને ૧૧૬ )માં આ ઉલ્લેખ **સમ્મતિમાંના** છે એમ જે કહ્યું છે તે વ્યાખ્યેય અને વ્યાખ્યાનની અભેદ વિવક્ષાને આભારી છે એટલે અહીં **સમ્મતિથી સમ્મઇપયરણની** ટીકા [2]સમજવાની છે. વિશેષમાં આ વ્યાખ્યામાં 'વાદિમુખ્ય' એટલે **મલ્લવાદી** એવું સ્પષ્ટ કથન છે.

**પ્રદ્યુમ્નસૂરિના** શિષ્ય અને **વિક્રમની** અગિયારમી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન **અભયદેવસૂરિએ** ( **વાદમહાર્ણવથી** અભિન્ન મનાતી ) **સમ્મઇપયરણની** ટીકા( પૃ. ૬૦૮ )માં કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગો એક સાથે સર્વજ્ઞને હોય છે એવા યુગપદુપયોગવાદના પુરસ્કર્તા તરીકે જે **મલ્લવાદીનો** નિર્દેશ કર્યો છે તે પણ પ્રસ્તુત **મલ્લવાદી** હોવાનો વિશેષ સંભવ છે.

---

૧. **તત્ત્વાર્થ** ( ૧–૩૩ ) ઉપરનું આ ૧૦૨મું પદ્ય છે.

૨. આ ટીકાનું પરિમાણ ૭૦૦ શ્લોક જેટલું છે એમ **બૃહટ્ટિપ્પણીમાં** સૂચવાયું છે. હજી સુધી તો આ ટીકા ઉપલબ્ધ થઇ નથી એટલે કાળ એને સ્વાહા કરી ગયો હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ આ **અભયદેવસૂરિએ** **સિદ્ધસેન દિવાકરને** ઉપયોગોને અંગે અભેદવાદના પુરસ્કર્તા માન્યા છે તેવી રીતે શું આ **મલ્લવાદી** વિષે સમજવું ? સ્પષ્ટ શબ્દોમાં કહું તો **સિદ્ધસેન દિવાકરની** પહેલાં પણ કોઇક **હરિભદ્રસૂરિએ** **નંદીની** ટીકા( પત્ર પર )માં નિર્દેશેલ [1]**વૃદ્ધાચાર્ય** જેવા કોઇક આચાર્યે અભેદવાદ પ્રરૂપ્યો હતો; છતાં આ અભેદવાદનું વ્યવસ્થિત રીતે સ્થાપન કરી સૌથી પ્રથમ એ વિષય ઉપર પ્રકરણ રચનાર **સિદ્ધસેન દિવાકર** હશે એથી કે એમણે જે નિરૂપણ કર્યું તે એમની પૂર્વે કરાયેલા નિરૂપણથી ચડિયાતું હશે એથી **અભયદેવે** એમને અભેદવાદના પુરસ્કર્તા માન્યા હશે. એવી રીતે દિગંબર સંપ્રદાયમાં યુગપદુપયોગવાદ [2]કુંદકુંદ આચાર્ય જેટલો તો પ્રાચીન છે જ એટલે કે જૈન સાહિત્યમાં **મલ્લવાદીની** પૂર્વે આ વાદનું નિરૂપણ છે, પરંતુ શું **મલ્લવાદીનું** નિરૂપણ શ્રેષ્ઠ હશે ? એથી અથવા શ્વેતાંબર સંપ્રદાયમાં **તત્ત્વાર્થ**( અ. ૧, સૂ. ૩૧ )ની ભાષ્યમાંથી ફલિત થતા યુગપદુપયોગવાદને બાજુ પર રાખી વિચારીએ તો એઓ સૌથી મોખરે છે. એથી એમને યુગપદુપયોગવાદના પુરસ્કર્તા તરીકે **અભયદેવસૂરિએ** ઓળખાવ્યા હશે ? **હરિભદ્રસૂરિએ** તો **નંદીની** ટીકા( પત્ર પર )માં યુગપદ્વાદના પુરસ્કર્તા તરીકે [3]**સિદ્ધસેનનું** અને અભેદવાદના પુરસ્કર્તા તરીકે **વૃદ્ધાચાર્યનું** નામ સૂચવેલ છે.

**મલ્લવાદીએ** રચેલ **દ્વાદશારનયચક્ર** [4]સંપૂર્ણતયા મળતો નથી. એ અને એની **સિંહ** ક્ષમાશ્રમણકૃત ટીકામાં યુગપદ્વાદ જોવાતો નથી, એમ **જ્ઞાનબિન્દુના** પરિચય ( પૃ. ૬૧ ) માં કથન છે. વળી આ વાદ **સમ્મઇપયરણની** ટીકા જે આજે મળતી નથી તેમાં હોવા સંભવ નથી. આ હકીકતને સાચી માનીએ તો એવી કલ્પના થઇ શકે કે આ વાદને લગતી કોઇ સ્વતંત્ર કૃતિ **મલ્લવાદીએ** રચી હોવી જોઇએ કે એને પ્રતિપાદન કરનાર કોઇ ઉલ્લેખ કર્યો હોવો જોઇએ કે જે જોઇને **અભયદેવસૂરિએ** એમને યુગપદ્વાદના પુરસ્કર્તા માન્યા હશે. ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** પણ **જ્ઞાનબિન્દુ**( પૃ. ૩૩ )માં **મલ્લવાદીને** જ યુગપદ્વાદના પુરસ્કર્તા માન્યા છે. વિશેષમાં **નંદીની** ટીકામાં જે **સિદ્ધસેનને** યુગપદુપયોગવાદના પુરસ્કર્તા કહ્યા છે. તે અભ્યુપગમવાદના અભિપ્રાય મુજબ છે, નહિ કે સ્વતંત્ર સિદ્ધાન્તના અભિપ્રાય મુજબ, એમ કહી એમણે આ અસંગતિનો પરિહાર કર્યો છે. અને આ **જ્ઞાનબિન્દુના** [5]અંતમાં એમણે એ વાત સ્પષ્ટ કરી છે કે **સિદ્ધસેન દિવાકરનું** કથન

---

૧. આ શું **સિદ્ધસેન દિવાકરના** ગુરુ તરીકે ઓળખાવાતા **વૃદ્ધવાદી** હશે ?

૨. જુઓ એમની કૃતિ નામે **નિયમસાર** ( ગા. ૧૫૯ ).

૩. આ **સિદ્ધસેન** તે **સિદ્ધસેન દિવાકર** કરતાં કોઇ ભિન્ન આચાર્ય હશે એમ **જ્ઞાનબિન્દુના** પરિચય( પૃ. ૬૦ )માં સૂચવાયું છે.

૪. **નયચક્રની** નષ્ટભ્રષ્ટ અને ખંડિત હાથપોથીઓ ઉપરથી ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** **નયચક્રનો** આદર્શ તૈયાર કર્યો હતો એમ જણાય છે. જુઓ "જૈનયુગ" ( વિ. સં. ૧૯૮૪, ભાદ્રપદ ) માંનો "નયચક્ર" નામનો લેખ.

૫. બાર વર્ષ ઉપર આ અંતિમ ભાગ મેં **આર્હતદર્શનદીપિકા** ( પૃ. ૫૩-૫૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહ નય મુજબનું છે, **મલ્લવાદીનો** મત વ્યવહાર નય આશ્રીને છે અને **જિનભદ્રગણિનું** મંતવ્ય ઋજુસૂત્રને અવલંબીને છે.

સિદ્ધહેમચન્દ્ર( ૨-૨-૩૯ )ની સ્વોપજ્ઞ ટીકામાં જેમને અંગે **अनुमल्लवादिनं तार्किकाः** એવો ઉલ્લેખ કરી જેમને શ્રેષ્ઠ તાર્કિક તરીકે ઓળખાવ્યા છે એ **મલ્લવાદી** પણ પ્રસ્તુત **મલ્લવાદી** હોવાનો વિશેષ સંભવ છે.

**ધર્મોત્તરે ન્યાયબિન્દુ** ઉપર જેમ ટીકા રચી છે તેમ **ધર્મકીર્તિ**કૃત **પ્રમાણવિનિશ્ચય** ઉપર પણ ટીકા રચી છે. આ **ન્યાયબિન્દુ** ઉપરની ટીકા ઉપર જે **મલ્લવાદીએ** ટિપ્પણ રચ્યું છે એ **મલ્લવાદી** બૌદ્ધ હશે અને તેમ નહિ હોય તો પણ **દ્વાદશારનયચક્ર**ના પ્રણેતા **મલ્લવાદીથી** તો ભિન્ન અને અર્વાચીન છે જ એમ "સન્મતિપ્રકરણ"ની પ્રસ્તાવના (પૃ. ૬૮)માં ઉલ્લેખ છે. હું પણ આ મત સ્વીકારું છું.

"હરિભદ્રસૂરિ કા સમયનિર્ણય"માં **જિનવિજયજીએ** બે **ધર્મોત્તર** હોવાનું જે સૂચવ્યું છે તે તેમની સ્ખલના છે એમ **કૈલાશચન્દ્રશાસ્ત્રીએ ન્યાયકુમુદચન્દ્ર**(ભા. ૧)ની પ્રસ્તાવના(પૃ. ૯૪-૯૫)માં પ્રતિપાદન કર્યું છે અને તેમણે કહ્યું છે કે-પ્રસિદ્ધ **ધર્મોત્તર** એ જ **વૃદ્ધ ધર્મોત્તર** છે. વિશેષમાં તેમણે ૯૬મા પૃષ્ઠમાં એમ પણ કહ્યું છે કે-**ધર્મોત્તરે ન્યાયબિન્દુ**ની ટીકામાં **વિનીતદેવ**ના મત ઉપર આક્ષેપ કર્યો છે એમ જે **મલ્લવાદીએ** આ ટીકાના ટિપ્પણમાં કહ્યું છે તે ખોટું છે. આ ઉપરાંત તેમણે એ પણ નિર્દેશ કર્યો છે કે પ્રસિદ્ધ **ધર્મોત્તરને** કાશ્મીરના રાજા **જયાપીડે** નિમંત્રણ આપ્યું હોય એ બનવાજોગ છે, કેમકે એ નરેશે ઇ. સ. ૭૫૧માં રાજપદ પ્રાપ્ત કર્યું હતું.

## ૮. યક્ષદત્ત ગણિ.

શક સંવત્ ૭૦૦માં એક દિવસ ઓછો હતો ત્યારે **કુવલયમાલા** પૂર્ણ કરનારા અને 'દાક્ષિણ્યચિહ્ન' એવા ઉપનામવાળા **ઉદ્યોતનસૂરિ**ના આ **યક્ષદત્ત**ગણિ પૂર્વજ થાય છે એમ આપણે આ **કુવલયમાલાની** પ્રશસ્તિ ઉપરથી જાણી શકીએ છીએ. 'ગુપ્ત'-વંશના એક જૈનાચાર્યનું નામ **હરિગુપ્ત** હતું. તેઓ **તોરરાય**ના ગુરુ થતા હતા. આ ઉપરથી **જિનવિજયજી** એમ કહે છે કે-ગુપ્ત સમ્રાટ્‌ને હરાવનાર હુણ સમ્રાટ **તોરમાણના** ગુરુ થતા હતા* અને આ **તોરમાણે** વિક્રમ સંવત્ ૫૬૬માં માળવા પર જીત મેળવી હતી. **હરિગુપ્તને દેવગુપ્ત** નામે શિષ્ય અને **શિવચંદ્રગણિ** મહત્તર નામે પ્રશિષ્ય હતા. આ

---

માં ઉદ્ધૃત કર્યો હતો અને પૃ. ૫૪-૫૬ માં મેં એ ગુજરાતી અનુવાદ આપ્યો હતો. વિશેષમાં ઉપર્યુક્ત ત્રણ વાદોની રૂપરેખા મેં એના પૃ. ૫૨-૫૮ તેમ જ પૃ. ૨૬૪-૨૭૨ માં આપી હતી. એની ઐતિહાસિક આલોચના **જ્ઞાનબિન્દુ**ના બે વર્ષ ઉપર પ્રસિદ્ધ થયેલ પરિચય( પૃ. ૫૪-૬૨ )માં હિન્દીમાં કરાયેલી છે. વળી આ પરિચય ( પૃ. ૬૨-૬૪ ) માં મેં જેનો ગુજરાતી અનુવાદ આપ્યો છે તેનો હિન્દી અનુવાદ પણ છે.

* આમ નિર્વિવાદપણે કહેતાં ખંચાવું જોઇએ એવો સૂર Life in the Gupta Age(પૃ. ૫૩૩)માં એના લેખક ડૉ. **રાજારામ સાલેટોરે** કાઢ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્તર પંજાબમાંથી નીકળી યાત્રાનિમિત્તે ફરતા ફરતા 'ભિન્નમાલ' નગરમાં સ્થિર થઇને રહ્યા. એમને **યક્ષદત્ત** ગણિ નામે શિષ્ય હતા. તેમને 'ક્ષમાશ્રમણ' પદવી હતી. આ ક્ષમાશ્રમણને અનેક પ્રભાવશાળી શિષ્યો હતા. એ શિષ્યોએ ગુજરાતમાં ઠેકાણે ઠેકાણે જિનમંદિરો કરાવરાવીને આ દેશને રમણીય બનાવ્યો. **યક્ષદત્ત** પૂર્વધર હોય અને એથી એમને 'ક્ષમાશ્રમણ' કહ્યા હોય એમ માનતા ખંચાવું પડે છે.

### ૯. સંઘદાસ.

**કપ્પ( બૃહત્કલ્પસૂત્ર )** નામના છેયસુત્ત ઉપર બે ભાસ ( ભાષ્ય ) છે; એ પૈકી નાનું ( ૬૬૦૦ ગાથાનું ) ભાસ એમણે રચ્યું છે. વળી **પંચકપ્પ** ઉપર પણ બે ભાસ રચાયેલાં છે. એમાંનાં મોટા ભાસના કર્તા એઓ છે. **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણે જે **જીયકપ્પભાસ** રચ્યાનું મુનિ **પુણ્યવિજયજી** કહે છે તેની કેટલીક ગાથાઓ **પંચકપ્પ-ભાસ**માં છે; પણ એ આ **સંઘદાસે** રચેલા **પંચકપ્પભાસ**માં છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" નામની પોતાની કૃતિ( પૃ. ૧૪૭ ) માં **મોહનલાલ દ. દેસાઈએ** એમ કહ્યું છે કે-"અનુમાને ૭ મા સૈકા અગાઉ થયેલા પંચકલ્પ મહાભાષ્યના કર્તા ( પી. ૧, ૧૦૩ ) સંઘદાસ ક્ષમાશ્રમણે **વસુદેવહિંડી** નામનો ચરિત ગ્રંથ પ્રાકૃતમાં આરંભ્યો તે **ધર્મસેનગણિ** મહત્તરે પૂરો કર્યો."

આ પ્રમાણે આગમ ઉપર ભાષ્ય રચનાર તે જ **વસુદેવહિંડી**ના કર્તા છે એમ જે અહીં કહેવાયું છે તે માટે શો આધાર છે ? શું કેવળ નામની સમાનતા જોઇને આ અનુમાન દોરાયું છે કે **વસુદેવહિંડીની** રચના **પઢમાણુઓગને** [1]અવલંબીને કરાયેલી હોવાથી તેમ કરાયું છે કે કોઇ અન્ય જ કારણ છે ?

જૈ. સા. સં. ઇ.( પૃ. ૧૮ )માં **સંઘદાસ** ગણિ ક્ષમાશ્રમણની કોઇક કૃતિમાંથી નીચેનું અવતરણ અપાયું છે:—

"**ण य किंचि अणुण्णायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।**
**एसा तेसिं आणा कज्जे सच्चेण होअव्वं ॥**"

હરિભદ્રસૂરિએ **સંઘદાસગણિનો** ઉલ્લેખ કર્યો છે એમ પૃ. ૧૬૫ માં કહેવાયું છે તો આ **સંઘદાસગણિ** તે શું આગમોના વ્યાખ્યાતા છે કે કેમ ? અને એની શી સાબિતી ?

**વસુદેવહિંડી** એ નામથી **વસુદેવહિંડી** સંપૂર્ણતયા અને **ધમ્મિલહિંડીનો** અમુક ભાગ પ્રસિદ્ધ થયેલ છે. એના પહેલા ભાગના પ્રાસ્તાવિક નિવેદન( પૃ. ૩ )માંથી અહીં હું એ બાબત નોંધીશ:—

( ૧ ) **સંઘદાસગણિ** વાચકે રચેલ **વસુદેવહિંડી** વચમાં તેમ જ અંતમાં ખંડિત છે અને એ ખંડિત ભાગનું પરિમાણ લગભગ એક હજાર શ્લોક જેટલું છે.

---

૧. જુઓ મારી કૃતિ નામે "A History of the Canonical Literature of the Jainas" ( પૃ. ૭૭ અને ૯૬ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) આ વસુદેવહિંડીનો ઉલ્લેખ વિસેસણવઇમાં છે એટલે સંઘદાસગણિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના પૂર્વકાલીન છે.

આ સંબંધમાં હું એ ઉમેરીશ કે વસુદેવહિંડીનો ઉલ્લેખ આવસ્સયચુણ્ણિ-(ભા. ૨, પૃ. ૩૨૪)માં કરાયેલો છે.

### ૧૦. સિંહ.

આપણે ઉપર જોઇ ગયા તેમ મલ્લવાદીએ રચેલા નયચક્રના આ ટીકાકાર છે, એઓ સિંહસૂરથી અભિન્ન હોય તો 'ગંધહસ્તી' સિદ્ધસેનગણિ એમના પ્રશિષ્ય ગણાય. 'બ્રહ્મદીપિક' શાખાના સિંહ જેમનો ઉલ્લેખ નંદીની થેરાવલીમાં રેવતીનક્ષત્ર પછી કરાયો છે તેઓ યુગપ્રધાન હશે, પણ 'ક્ષમાશ્રમણ' હોય એમ જાણવામાં નથી, એટલે એમને વિષે વિચાર કરવાનો રહેતો નથી.

### ૧૧. સ્થિરગુપ્ત.

પજ્જોસવણાકપ્પની થેરાવલી(ગા. ૧૨)માં એમને વિષે ઉલ્લેખ છે. ત્યાં એમનું વચ્છસ ગોત્ર સૂચવાયું છે.

### ૧૨. હિમવંત.

નંદીમાં જે થેરાવલી છે તેની ૩૪ મી અને ૩૫ મી ગાથામાં એમને વિષે નિર્દેશ છે. ત્યાં એમને 'હિમવત્'ની જેમ મહાવિક્રમવાળા, અનંત ધૈર્ય અને પરાક્રમવાળા, અનંત ગમ અને પર્યાયવાળા સૂત્રનો સ્વાધ્યાય કરનારા તેમ જ કાલિક શ્રુતના અનુયોગોને તથા પૂર્વોને ધારણ કરનારા તરીકે વર્ણવ્યા છે.

નંદીની થેરાવલીમાં આચાર્ય સ્કંદિલની પછી અને નાગાર્જુનની પહેલાં હિમવંતનો ઉલ્લેખ છે. આથી એ કલ્પના કરાય છે કે હિમવંત ક્ષમાશ્રમણ આ બંને મુનિવરોના સમકાલીન હશે એટલે કે વીરસંવત્ ૮૨૫ની આસપાસમાં એઓ વિદ્યમાન હશે, કેમ કે સ્કંદિલે માથુરી વાચના વીરસંવત્ ૮૨૭ થી ૮૪૦ ના ગાળામાં પ્રવર્તાવી હતી.

હિમવંતથેરાવલી નામની એક પાઇય કૃતિનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયેલો છે. એમાંની કેટલીક બાબતો વિચારણીય છે. એમાં કેટલીક પ્રાચીન અને અન્ય ગ્રંથસ્થ સાહિત્યમાં નહિ મળતી હકીકતો છે. આ હિમવંતથેરાવલી તે હિમવંત ક્ષમાશ્રમણની જ કૃતિ છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે. આ થેરાવલીનો પરિચય વીર નિર્વાણ સંવત્ ઔર જૈન કાલગણના(પૃ. ૧૬૧-૧૮૫)માં કરાવાયેલો છે. એની આદ્ય ગાથા નીચે મુજબ છેઃ—

"नमिऊण वद्धमाणं तित्थयरं तं परं पयं पत्तं ।
इंदभूइगणनाहं कहेमि थेरावलिं कमसो ॥"

આ થેરાવલીમાં હિમવંતનો સ્કંદિલના શિષ્ય તરીકે ઉલ્લેખ છે.

આ પ્રમાણે મેં સમય અને સાધન અનુસાર આ લેખ લખ્યો છે અને એમાં કેટલાક પ્રશ્ન ઉપસ્થિત કર્યા છે, તો એ વિષયના જાણકારોને એના સપ્રમાણ ઉત્તર સૂચવવાની કૃપા કરવા વિનવતો અને સર્વે ક્ષમાશ્રમણોને વારંવાર વંદનો કરતો હું વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માર્ગાનુસારીનું પ્રથમ લક્ષણ: ન્યાયસંપન્નવિભવ

## નીતિ અનીતિના દ્રવ્યનો પ્રભાવ

આપણા જૈનશાસ્ત્રમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો પૈકી પ્રથમ ગુણ "**ન્યાયસંપન્ન-વિભવ**" આવે છે. ન્યાય એટલે શુદ્ધ વ્યવહાર, તેથી આ લોક અને પરલોકનું હિત-કલ્યાણ થાય છે. દ્રવ્યપ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અને રહસ્યભૂત ઉપાય ન્યાય જ છે, એમ સિદ્ધાંત-વાદીઓ કહે છે. ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યની પ્રાપ્તિમાં તેના અંતરાય કરનારા કર્મનો અવશ્ય નાશ થાય છે. તે લાભાંતરાય કર્મનો નાશ થવાથી ઉત્તરકાળે એટલે આગામી કાળે અર્થસિદ્ધિ-ઇચ્છિત વૈભવની પ્રાપ્તિનો આવિર્ભાવ થાય છે. અન્યાયથી વ્યવહારની પ્રવૃત્તિ કર-વામાં દ્રવ્યલાભ થાય અને ન પણ થાય, પરંતુ પરિણામે હાનિ તો નિઃસંદેહ અવશ્ય થાય છે. અન્યાયથી વ્યવહાર પ્રવૃત્તિ કરનાર કોઈ પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવને દ્રવ્યલાભ થાય છે, પણ તેવી અન્યાયી પ્રવૃત્તિથી બાંધેલા પાપ નિયતપણે પોતાનું ફળ આપ્યા સિવાય ઉપશમ પામતાં જ નથી. અન્યાયોપાર્જિત દ્રવ્ય તે આ લોક ને પરલોકમાં અહિતનું જ કારણ છે એમાં શંકાને સ્થાન નથી.

સૌ કોઇ પોતાના અંતરાત્માને પૂછી જુઓ કે-તમે જે ધન પેદા કર્યું છે અથવા કરી રહ્યા છો, તે ન્યાયથી કે અન્યાયથી? યાદ રાખશો કે અન્યાયથી ઉત્પન્ન કરેલો પૈસો જીવનને ભ્રષ્ટ કરે છે. આજે સાધુઓ, ગૃહસ્થો અને રાજાઓ સૌની બુદ્ધિમાં પરિવર્તન દેખાય છે. પોતપોતાના ધર્મને ચૂકતા દેખાય છે તેનું ખાસ કારણ હોય તો અનીતિના દ્રવ્યનું અન્ન પેટમાં જાય છે તે છે. એક દૃષ્ટાંત આપી સમજાવીશ કે-નીતિ અને અનીતિનું દ્રવ્ય શો પ્રભાવ પાડી શકે છે.

એક રાજાને મહેલ બંધાવવો હતો. ખાતમુહૂર્તના દિવસે રાજાએ સભા ભરી. આ સભામાં રાજા ઉપરાંત જ્યોતિષી અને પ્રતિષ્ઠિત શહેરીઓ તથા અમલદારો બેઠા હતા. રાજાએ જ્યોતિષીને પૂછ્યું કે-મહારાજ! ખાતમુહૂર્તને કેટલી વાર છે? જ્યોતિષીએ કહ્યું કે-પાંચ સોનામહોર જોઇએ છે. રાજાએ કહ્યું કે-આપણી પાસે ઘણો ખજાનો છે. ખજાનચી પાસેથી જોઈએ તેટલી સોનામહોરો લઈ લ્યો. જ્યોતિષીએ કહ્યું કે-પાયામાં મૂકવા માટે તો ન્યાયનું દ્રવ્ય જોઇએ, અન્યાયનું-અનીતિનું-દ્રવ્ય મૂકીએ તો એની અસર એવી થશે કે-આ મહેલ લાંબો સમય ટકી નહિ શકે. રાજાએ વિચાર્યું કે-આવડી મોટી સભા બેઠી છે તેમાંથી કોઇ ને કોઈની પાસેથી પાંચ ગીનીઓ તો મળી આવશે. એમ ધારી હુકમ કર્યો કે જેના ઘરમાં નીતિનું દ્રવ્ય હોય તે લઈ આવે.

આપણામાં કહેવત છે કે-"પાપ જાણે આપ અને મા જાણે બાપ" અર્થાત્ છોકરાનો સાચો બાપ કોણ છે તે તેની મા જાણે છે અને મેં શાં પાપ કર્યાં છે તે પોતે જ જાણે. સૌ નીચું મસ્તક કરીને બેસી રહ્યા. આ જોઇને રાજા બોલ્યો-"શું મારી આખી પ્રજા અન્યાયી છે? જેવો હું તેવી મારી પ્રજા." કોઇએ રાજાને કહ્યું કે-અમુક ગૃહસ્થ પાસે નીતિનું દ્રવ્ય છે પણ તે આવ્યા નથી. રાજાએ ગાડી મોકલીને તેને બોલાવી મંગાવ્યો. તે ગૃહસ્થ ગાડીમાં ન બેઠો,* પણ પગે ચાલતો રાજા પાસે હાજર થયો. હાથ જોડીને તેણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાને પ્રાર્થના કરી કે-"શો હુકમ છે?" રાજાએ કહ્યું કે-"પાંચ સોનામહોર જોઇએ છે." તે ગૃહસ્થે કહ્યું "મારી પાસે નીતિનું દ્રવ્ય છે, પણ મહેલના પાયામાં નાંખવા હું તે ન આપી શકું, કારણ કે મહેલ વિષયોનું સ્થાન બનશે, મોટી મોટી વેશ્યાઓના નાચ મુજરા થશે, મદિરા-માંસની મહેફીલો ઉડશે અને બિનગુન્હેગારોને પણ પીડવાનું કેન્દ્ર થશે માટે આ મહેલના પાયામાં મારું દ્રવ્ય ન વપરાય. મને માફ કરશો!" પોતાની સામે પોતાનો પ્રજાજન આવી રીતે બોલવાની હિંમત કરે તેથી રાજા સ્હેજ આશ્ચર્ય પામ્યો અને આંખ લાલ કરીને બોલી ઊઠ્યો કે-"તું સોનામહોર આપે છે કે નહિ?" જોશી મહારાજ બોલી ઊઠ્યા કે-"રાજાજી હવે તો આ પૈસો પણ અન્યાયનો થઈ ગયો; કારણ કે તે તમે અનીતિથી લેવા માંગો છો. હવે ખાતમુહૂર્ત વીતી ગયું છે માટે તે વાતને જવા દો."

રાજાને મનમાં એમ થયું કે-જોશી મહારાજ નીતિ અનીતિના દ્રવ્યની અસરની જે વાત કરે છે તે સાચી છે કે ખોટી તેની મારે પરીક્ષા કરવી જોઇએ. એ પ્રમાણે વિચાર કરીને તેમણે પોતાની એક મહોર અને પેલા ગૃહસ્થની એક મહોર એમ બન્ને મહોરો દિવાનના હાથમાં મૂકી. દિવાને વિચાર કર્યો કે-શેઠની ગીની કે જે નીતિથી મેળવેલ છે, તે હું પાપી માણસના હાથમાં મૂકું તો તેની અસરની મને ખબર પડે. એવો ખ્યાલ કરીને પરોઢિયાના પાંચ વાગે એક મચ્છીમાર માછલાંનો ટોપલો લઇને આવતો હતો તેના હાથમાં દિવાને પેલી શેઠની ગીની મૂકી દીધી. આખા દિવસમાં માછલાં વેચવા છતાં ફક્ત ચાર છ આના કમાનાર મચ્છીમારને આમ અનાયાસે ગીની મળતાં તે રાજી રાજી થઇ ગયો. તેના મનમાં થયું કે-આજે મને વેપાર કરવાની જરૂર નથી. સીધો જઇને તે માછલાંને ધીરે રહીને પાણીમાં નાંખી આવ્યો. વળતાં તેણે એક રૂપીઆનું અનાજ, ગોળ, ઘી વગેરે લીધું અને ૧૪ રૂપીઆ રોકડા લીધા. તેને વિચાર આવ્યો કે-હું શા માટે પાપ કરું? હું ગમે તે ધંધો કરીશ પણ હવે મારે પાપી ધંધો તો ન જ કરવો. આવી રીતે તે પાપી ધંધો છોડી દે છે. એ રૂપીયાથી લાવેલું અનાજ ખાતાંની સાથે એના કુટુંબને પણ એ જ વિચાર થાય છે કે આટલા રૂપીયામાં તો આપણા ૨-૩ મહિના નીકળી જશે. ત્યાં સુધી કોઇ ને કોઈ મજૂરી શોધી લઇશું. શા માટે આ પાપી ધંધો કરવો? આ પ્રતાપ હતો નીતિના દ્રવ્યનો.

હવે ત્યાંથી દિવાન ગંગા નદીના કિનારા તરફ ગયો. ત્યાં જઇને જુએ છે તો એક યોગિરાજ આસન લગાવીને સમાધિમાં મસ્ત બન્યા છે. તેનું કપાળ તેજસ્વી છે. આ યોગીની સામે આસ્તેથી પેલો દિવાન રાજાની ગીની મૂકી દે છે. થોડીવાર પછી યોગી સમાધિમાંથી જાગ્રત થાય છે. સૂર્યનો પ્રકાશ ગીની પર પડે છે. આથી ગીની ખૂબ ચકચકિત બને છે. આ ગીનીનો પ્રકાશ યોગીની નજરે પડતાં તેના વિચારમાં પરિવર્તન થવા માંડયું. તેણે સ્વતઃ બોલવા માંડયું કે-"ગામના લોકો ગાંજો પીવા માટે બે પૈસા નથી આપતાં ત્યારે આ સોનામહોર ક્યાંથી? ખરેખર આજે ઇશ્વરે મારા ઉપભોગ માટે આ ગીની મોકલી છે. મારી આખી જિંદગીમાં મેં તેને જોઇ નથી." એવો વિચાર કરતાંની સાથે તે વેશ્યાને ત્યાં જાય છે અને ૪૦ વર્ષના જોગ પર પાણી ફેરવે છે. આ અનીતિની ગીનીનું પરિણામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું એક દૃષ્ટાંત કથાનુયોગ ગ્રંથમાં આવેલું યાદ આવે છે કે–એક બાર વ્રતધારી શેઠ હતા. પોતે દ્રવ્યોપાર્જન નીતિથી જ કરતાં. અનીતિની લેશ પણ વસ્તુ તેમના ઘરમાં સંઘરાતી નહોતી. શેઠ પોતે ધર્મીષ્ટ હોઇ એક વાર સામાયિક લઇને બેઠા હતા. સામાયિક પૂરું થયે સ્ત્રીએ જમવા માટે બોલાવ્યા. શેઠ જમવા બેઠા. જમતાં પહેલા સંકલ્પવિકલ્પ થવા માંડ્યાં. રસોઇ ભાવી નહિ. શંકા વ્યક્ત થઈ કે આજે ગમે તેમ હો પણ રસોઈમાં કંઇ પણ અનીતિનું દ્રવ્ય વપરાયું લાગે છે. પોતાની સ્ત્રીને પૂછ્યું કે આજે રસોઇ કોના દ્રવ્યથી બનાવી છે ? શેઠાણી વિચારમાં પડી કે–બધી વસ્તુઓ આપણા ઘરની જ વપરાય છે છતાં સ્વામી આમ કેમ પૂછે છે ! ઊહાપોહ કરતાં યાદ આવ્યું કે–પાડોશી પાસેથી પોતે અગ્નિ પાડવા માટે છાણું લાવી હતી. શેઠને વાત કરી કે–આવી રીતે હું દેવતા પાડવા એક છાણું લાવેલી તેનાથી આ રસોઈ બની છે. શેઠની શંકા ખરી પડી અને પોતાની સ્ત્રીને શિખામણ આપી કે આવી તુચ્છ વસ્તુ પણ અનીતિમય હોઈ આહાર અશુદ્ધ બને છે અને તેથી મને આહાર ઉપર રુચિ થઇ નહિ. અહીં શેઠની સ્ત્રીએ કોઇપણ જાતના ચોરીના અધ્યવસાય વિના છાણા જેવી કિંમત રહિત દ્રવ્યથી બનાવેલી રસોઇ જ્યારે અશુદ્ધ નીવડી, ત્યારે જેઓ અનીતિમાં જ જીવન પસાર કરી રહ્યા છે તેઓના માટે તો પૂછવું જ શું ?

આ પ્રમાણે નીતિ અને અનીતિનું દ્રવ્ય બુદ્ધિમાં પરિવર્તન કરે છે. જેઓ અનીતિનું દ્રવ્ય હંમેશાં પોતાના પેટમાં નાંખે તેમને ખબર નથી પડતી કે તેમની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

હવે ન્યાયસંપન્નવિભવ કોને કહેવાય ? તે ટૂંકામાં પણ જુદી જુદી રીતે વિગતથી વિચારી જોઇએ કે જેથી ખ્યાલમાં રહે કે શું કરવાથી ન્યાય અને શું કરવાથી અન્યાય ગણાય.

સર્વપ્રકારના વ્યાપારમાં ન્યાયપૂર્વક વર્તવું, અન્યાયથી ચાલવું નહિ. એક ભાવ કહી બીજો ભાવ કહેવો તે પણ અન્યાય છે, ઉચિત રીતે નફો નહીં લેતાં રૂપીએ ત્રણ ચાર આના કે તેથી વધુ નફો લેવો તે અન્યાય છે, સટ્ટાનો વેપાર તે પણ અન્યાય છે, મજૂર યા નોકરને મહેનતાણા પ્રમાણે પગાર–પૂરી મજૂરી નહિ આપતાં તેની ગરજ જોઇ ઓછું આપવું તે પણ અન્યાય છે. નોકરી કરતાં ધણીના સોંપેલા કાર્યમાંથી પૈસા ખાય જવા નહિ, લાંચ ખાવી નહિ, ઓછી સમજવાળા મનુષ્યને છેતરવા પ્રયત્ન કરવો નહિ, વ્યાજ વટંતર કરનારે સામા ધણીને છેતરી વ્યાજના પૈસા વધારે લેવા નહિ, માલ ભેળસેળ કરીને વેચવો નહિ, સરકારી નોકરી કરનાર મનુષ્યે વહાલા થવા સારુ લોકો ઉપર કાયદા વિરુદ્ધ જુલમ ગુજારવો નહિ, મજૂરી યા કારીગિરીનો ધંધો કરતાં રોજ લઇ કામ બરાબર કરવું–ખોટું દિલ કરવું નહિ, નાત અથવા મહાજનમાં શેઠાઇ કરતો હોય તો પોતાથી વિરુદ્ધ મતવાળાને દ્વેષબુદ્ધિથી ગેરવ્યાજબી ગુન્હેગાર ઠરાવવો નહિ, કોઇ માણસે આપણું બગાડ્યું હોય તે દ્વેષથી તેના ઉપર ખોટો આરોપ મૂકવો નહિ અથવા નુકસાન કરવું નહિ, કોઇને ખોટું કલંક દેવું નહિ, ધર્મ અને ગુરુને બહાને પૈસા લેવા સારુ ધર્મમાં ન હોય તે વાત સમજાવવી નહિ, નોકરની સ્ત્રી સાથે અયોગ્ય કર્મમાં વર્તવું નહિ, ધર્મ નિમિત્તે પૈસા કઢાવી પોતાના કાર્યમાં વાપરવા નહિ, ધર્મ સંબંધી કાર્યમાં વાપરવા માટે પણ ખોટી સાક્ષી પૂરી પૈસા લેવા નહિ, ધર્મકાર્યમાં ફાયદો થતો હોય તે બદલ મનમાં વિચારવું કે આપણે ધર્મને વાસ્તે જૂઠું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલીએ છીએ, આપણા કામ સારુ બોલતા નથી માટે તેમાં દોષ નથી એમ સમજી ઊંધુંચત્તું કરવું તે પણ અન્યાય છે, દેરાસર અથવા ઉપાશ્રયના કારભાર કરનારાઓએ તે ખાતાના મકાનો પોતાના ખાનગી કાર્યમાં વાપરવા નહિ, કોઇ માણસ નાત જમાડતો હોય તેની સાથે કાંઇ બિગાડ હોય તેથી તેનો વરો બગાડવા કાંઈ લડાઇ ઊભી કરવી, પકવાન વિગેરે જોઇએ તેથી વિશેષ બગાડ કરવો, સંપ કરી વધારે ખાઇ જવું અને તેને તૂટ પડે તેવી યુક્તિઓ કરવી તે પણ અન્યાય જ છે. પરસ્ત્રીગમન કરવું નહિ, સ્ત્રી અગર પુરુષ કાંઈ સલાહ પૂછે તો જાણ્યા છતાં ખોટી સલાહ આપવી નહિ, પોતાના ધણીના હુકમ સિવાય તેના પૈસા લેવા નહિ, એક બીજાને લડાઇ થાય તેવી સલાહ આપવી નહિ, પોતાની માન પ્રતિષ્ઠા વધારવા સારુ અસત્ય ધર્મોપદેશ દેવો નહિ, અન્ય મતવાળો ધર્મ સંબંધી ખરી વાત કહેતો હોય એમ છતાં 'એ ધર્મ વધી જશે' એમ જાણી તે વાર્તા જૂઠી પાડવાની કુયુક્તિ કરવી તે પણ અન્યાય છે. પોતે અવિધિએ પ્રવર્ત્તતો હોય અને બીજા પુરુષને વિધિથી વર્તતો જોઇ તેના ઉપર દ્વેષ ધારણ કરવો તે અન્યાય છે. દાણચોરી કરવી, સ્ટાંપની ચોરી કરવી તેમજ ખરી પેદાશ છુપાવી થોડી પેદાશ ઉપર સરકારને કર આપવો તે પણ અન્યાય છે. ખાતર પાડવું, કૂંચી લાગુ કરવી અથવા લૂંટ પાડવી તે પણ અન્યાય છે. ગુણવંતા સાધુ મુનિરાજ, દેવ અને ગુરુમહારાજના અવર્ણવાદ બોલવા નહિ, તેમજ શુદ્ધ ધર્મનાં અવર્ણવાદ બોલવા નહિ, કન્યાનો પૈસો લઇ પોતે વિવાહ કરવો નહિ. આ સિવાય બહુ પ્રકારે અન્યાય થઇ શકે છે. તે સર્વ ત્યાગ કરીને વ્યાપાર કરવો અર્થાત્ શુદ્ધ વ્યવહાર ચલાવવો તે માર્ગાનુસારીનું પ્રથમ લક્ષણ છે, આ એક જ લક્ષણ સમુચિત રીતે આવે તો માર્ગાનુસારીના બીજા લક્ષણો પણ સાંકળના અંકોડાની માફક પ્રાપ્ત થાય છે. આ સત્ય હંમેશાં યાદ રાખવાનું કે–આ દુનિયામાં આપણે **એક ગુણ સર્વાંશે ગ્રહણ કરીએ** અથવા ગ્રહણ કરવા પ્રયત્ન કરીએ **તો બીજા સદ્ગુણો પણ તેની પછવાડે ચાલ્યા આવે છે.** આ વાત બહુ ધ્યાન રાખી મન પર ઠસાવવા જેવી છે. દાખલા તરીકે કોઈ માણસ સર્વાંશે પ્રમાણિકપણું ગ્રહણ કરે અથવા તેવા થવા મહેનત કરે તો તે કદિ હિંસા કરે નહિ, અસત્ય બોલે નહિ–સર્વ મહાપાપો પતી જાય છે; કારણ કે જો તેની ઊંડી વિચારણા ચાલે ત્યારે તેને જણાઈ જાય છે કે આ સર્વ કૃત્યોનો પણ અપ્રમાણિકપણામાં સમાવેશ થાય છે. માણસ એક ગુણ મેળવવા પાછળ જો આખી જિંદગી અર્પણ કરે તો તે સર્વ પ્રકારના લાભો–ઐહિક અને પારલૌકિક મેળવી શકે છે.

ગૃહસ્થનો આ (માર્ગાનુસારી) સામાન્ય ધર્મ છે. આ ગુણો આવ્યા પછી જ વિશેષ ધર્મ સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ સમકિત પણ આ માર્ગાનુસારીના ગુણો આવ્યા હોય તો જ આવે; અન્યથા શુદ્ધ દેવ–ગુરુ–ધર્મને માનતો છતો મિથ્યાત્વી સમજવો; કારણ કે જેને તે દેવ–ગુરુ–ધર્મ માને છે, તે દેવે ગુરુએ કે ધર્મે માર્ગાનુસારીથી વિરુદ્ધ વર્તવાની આજ્ઞા જ કરી નથી, તો પછી તે દેવ–ગુરુ–ધર્મને માનતો સતો તેમની આજ્ઞાને, કાયદાને, નિયમને ન અંગીકાર કરે તો તેવો પુરુષ વસ્તુતઃ દેવ–ગુરુ–ધર્મને માનતો કેમ કહી શકાય? જરા ઊંડી બુદ્ધિએ વિચાર કરવાથી આ સમજી શકાય તેવું છે. આ સામાન્ય ગુણો આવ્યા વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, અને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં તો શુદ્ધદેવ–ગુરુ–ધર્મની માનીનતા સમાઈ જાય છે.

**મુનિરાજશ્રી પુણ્યવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તકોની પહોંચ

**૧. ધન્ય જીવન**—ખંડ ૧-૨-૩. લેખક મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ. પ્રકાશક-શ્રી જૈન સ્વાધ્યાય મંદિર-મહેસાણા. બત્રીશ પેજી પૃ. ૪૦૦. કિંમત લખેલ નથી. આ બૂક પૂજ્ય મહારાજશ્રીએ ખાસ પ્રયાસપૂર્વક તૈયાર કરી છે. શ્રાવકોને તેમજ સાધુઓને અવશ્ય વાંચવા યોગ્ય છે. નિત્ય નિયમો, ધર્મનું સ્વરૂપ, આદર્શ મુનિજીવન અને સંયમધર્મના સમાધિસ્થાનો બહુ સારી રીતે સમજાવેલ છે.

**૨. બ્રહ્મચર્ય**—પ્રકાશક શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા-કલકત્તા. બ્રહ્મચર્યના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. છેવટે રાજમતી, મલ્લિકુંવરી વિગેરે પાંચ કથાઓ આપવામાં આવી છે. ભાષા હિંદી છે. પૃ. ૪૦. કિંમત ત્રણ આના.

**૩. પ્રથમ કર્મગ્રંથ**—પદ્યમય અનુવાદ, વિવેચન, ટિપ્પણો વિગેરે સહિત. પદ્ય અનુવાદ સરસ છે. કર્તા આ. શ્રી વિજયલાવણ્યસૂરિજીના શિષ્ય મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ. કર્ત્તાનો પ્રયાસ સારો છે. પ્રકાશક શ્રી ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ. કર્મગ્રંથના અભ્યાસીને ઉપયોગી થાય તેવું છે. પૃ. ૧૫૦ કિંમત છ આના.

**૪. શ્રી જિનસ્તવનાદિ**—રચયિતા મુનિશ્રી યશોભદ્રવિજયજી. જિનસ્તવનો ઉપરાંત ગરબા અને સજ્ઝાયોનો સંગ્રહ સારો છે. પ્રાપ્તિસ્થાન શા. રાયચંદ હરચંદ કાપડીઆ, શેઠ ફલીયું-વલસાડ, બે આનાનું પોસ્ટેજ વલસાડ મોકલવાથી ભેટ મળી શકશે. બત્રીશ પેજી પૃ. ૧૫૦.

**૫. વિદ્યાનંદ વિનોદ**—કર્તા મુનિરાજ શ્રી જિતવિજયજી મહારાજના શિષ્ય વિદ્યાનંદવિજયજી મહારાજ. પ્રકાશક-માસ્તર મોતીલાલ જગજીવનદાસ-જુનાગઢ. સ્તવનો તથા ગહુંલીનો સારો સંગ્રહ છે. મૂલ્ય ચાર આના. ક્રાઉન ૧૬ પેજી પૃ. ૭૦

**૬. શ્રી ભોરોલ નેમિકથાકીર્તન**—લેખક માસ્તર પુનમચંદ નાગરદાસ દોશી. આ પુસ્તકની શરૂઆતમાં ભોરોલ ગામ અને શ્રી નેમિનાથ જિનનો સંબંધ સારી રીતે દર્શાવ્યો છે. પછી સ્તવનાદિ આપવામાં આવ્યા છે. લેખકનો ઉમંગ સારો છે. પોતપોતાના સ્થળનો આ રીતે ઇતિહાસ તૈયાર થાય તે ઇચ્છનીય છે. પૃ. ૭૫. કિંમત આઠ આના. પ્રાપ્તિસ્થાન જૈન પાઠશાળા-ભોરોલ ( પોસ્ટ વાવ )

**૭. પ્રભુના પંથે**—લેખક એદલ નસરવાનજી ખરાસ-દેવલાલી. આ બૂકમાં છેલ્લે આપેલ ૧૧૦ શિખામણના વાકયો વાંચવા લાયક છે. કિંમત બાર આના.

**૮. શાસ્ત્રીય પુરાવાસંગ્રહ**—લેખક આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના શિષ્ય મુનિશ્રી ચંદનસાગરજી. આ બુકની અંદર સૂતકના સંબંધમાં જૈન સિદ્ધાંતોમાં બતાવેલા અનેક આધારો પાઠ સાથે આપેલ છે. છેલ્લા છ પાનામાં ગ્રહણ સંબંધી શાસ્ત્રાધાર સાથે ઉલ્લેખ કરેલ છે. આવા જૈન સિદ્ધાંતોના મજબૂત આધારો છતાં સૂતક ને ગ્રહણ સંબંધી બાબતને મૂળથી ઉત્થાપન કરવાનું સાહસ કેમ કરવામાં આવ્યું છે? તે સમજી શકાતું નથી. દરેક ખપી જીવોએ આ બુક પાસે રાખીને વાંચવા યોગ્ય છે, કિંમત છ આના. પ્રસિદ્ધકર્તા શેઠ ગિરધરલાલ દુર્લભજી મણિઆર, ચંપાગલી-મુંબઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

## વિ. સં. ૨૦૦૦ ના કાર્તિકથી આસો વદિ ૦)) સુધીની પુસ્તક ૬૦ માની વાર્ષિક અનુક્રમણિકા.

### પદ્ય લેખો


| | | |
|---|---|---|
| ૧ આદિ જિન સ્તવન | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૧ |
| ૨ શ્રી સુમતિજિન પ્રતિ મંગળ–અભ્યર્થના | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૨ |
| ૩ મનુષ્યભવની દુર્લભતા | ( ,, ) | ૨ |
| ૪ શ્રી નેમિનાથ જિન સ્તવન | ( આ. શ્રી વિજયોદયસૂરિજી ) | ૩ |
| ૫ આત્માકી ભૂલ | ( મુનિ શ્રી ભદ્રાનંદ ) | ૩ |
| ૬ જૈન ધર્મ પ્રકાશ ચિરાયુ હોવે | ( રાજમલ ભંડારી ) | ૨૧ |
| ૭ પ્રભુ પાસે યાચના | ( એન. બી. શાહ ) | ૩૩ |
| ૮ અધર્મકા વિધ્વંસ | ( રાજમલ ભંડારી ) | ૩૪ |
| ૯ પ્રાસંગિક દુહા | ( એન. બી. શાહ ) | ૪૪ |
| ૧૦ શ્રી વીર જિનસ્તુતિ | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૫૨ |
| ૧૧ શિશુ–પ્રાર્થના | ( ,, ,, ) | ૫૬ |
| ૧૨ શ્રી સીમંધર જિન સ્તવન | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી ) | ૬૫ |
| ૧૩ પ્રભુપૂજન | ( કવિ બાલચંદ હીરાચંદ ) | ૬૬ |
| ૧૪ મંગલકી કામના | ( રાજમલ ભંડારી ) | ૬૬ |
| ૧૫ સંત–સ્વરૂપ દર્શન | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૬૭ |
| ૧૬–૧૭ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન | ,, પોસનું ટાઇટલ પેજ | ૩ |
| ૧૮ ગરબો | ,, ,, | |
| ૧૯ અભિનંદન જિન સ્તવન | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૯૭ |
| ૨૦ શ્રી ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન | ( હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) | ૯૮ |
| ૨૧ કરાલ કાલકી ક્રૂર દૃષ્ટિ | ( રાજમલ ભંડારી ) | ૯૯ |
| ૨૨ શ્રી સંભવજિન સ્તવન | ( મુનિરાજ શ્રી રુચકવિજયજી ) | ૧૨૯ |
| ૨૩ રાધનપુર ચૈત્યપરિપાટી સ્તવન | ( સંપા. મુનિશ્રી માનતુંગવિજયજી ) | ૧૩૦ |
| ૨૪ નૂતન વર્ષાભિલાષ | ( વિજયચંદ મોહનલાલ શાહ ) | ૧૬૧ |
| ૨૫ નૂતનવર્ષાભિનંદન | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૬૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૬ માનવદેહ (રાજમલ ભંડારી) ૧૬૩
૨૭ શ્રી મહાવીર ગુણોત્કીર્તન (વિજયચંદ મોહનલાલ શાહ) ૧૬૪
૨૮ શ્રી મહાવીર જન્મોત્સવ (મગનલાલ મોતીચંદ શાહ) ૧૬૪
૨૯ ઉપદેશક પદ " ૧૮૮
૩૦ એક પદ–હરિયાળી ચૈત્ર ટાઇટલ પેજ ૩
૩૧ શ્રી મુનિસુવ્રત જિનસ્તવન (મુનિ ભદ્રાનંદ) ૧૯૩
૩૨ પહેલું પારણું યાને અખાત્રીજની ઉત્પત્તિ (હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ.એ.) ૧૯૪
૩૩ જીવના આઠ પ્રકાર સંબંધી અષ્ટક (મગનલાલ મોતીચંદ શાહ) ૧૯૫
૩૪ દેહકે હી કાર્યમેં દિનરાત આશક હો રહે (રાજમલ ભંડારી) ૧૯૬
૩૫ શ્રી આદીશ્વર જિનસ્તવન (સંપા. ભોજક મોહનલાલ ગિરધર) વૈશાખ ટાઇટલ પેજ ૩
૩૬ શ્રી સુમતિજિનસ્તવન (મુનિશ્રી રુચકવિજયજી) ૨૨૫
૩૭ શ્રી શંખેશ્વર પાર્શ્વજિન છંદ (સં. મુનિશ્રી વિદ્યાનંદવિજય) ૨૨૬
૩૮ શ્રી મલ્લિજિન સ્તવન (મગનલાલ મોતીચંદ શાહ) ૨૨૭
૩૯ જૈન સ્ત્રીકવિ બાઇ માણેક : નેમનાથ તથા સીમંધર જિનસ્તવન (સંપા. દુર્લભકુમાર ગાંધી) ૨૨૮
૪૦ પ્રશંસાનું પુષ્પ (અમરચંદ માવજી શાહ) જ્યેષ્ઠ ટાઇટલ પેજ ૩
૪૧ જન્મ અને મરણની વિચિત્રતા (મગનલાલ મોતીચંદ શાહ) ૨૪૨
૪૨ શ્રી પદ્મપ્રભ જિનસ્તવન (મુનિશ્રી રુચકવિજયજી) ૨૫૭
૪૩ અનિત્ય ભાવના (હીરાચંદ ઝવેરચંદ શાહ) ૨૫૮
૪૪ અપની ઢપલી અપના રાગ (રાજમલ ભંડારી) ૨૫૯
૪૫ અનાદિ કાલની ભૂલ (રાયચંદ મૂળજી પારેખ) ૨૬૦
૪૬ યોગ્યતાનું માપ (અમરચંદ માવજી શાહ) અશાડ ટાઇટલ પેજ ૩
૪૭ શ્રી સુપાસનાથ સ્તવન (મુનિશ્રી રુચકવિજયજી) ૨૮૯
૪૮ પર્વાધિરાજ પર્યુષણપર્વ (મગનલાલ મોતીચંદ શાહ) ૨૯૦
૪૯ નમસ્કાર હોવે તુમકો (રાજમલ ભંડારી) ૨૯૦
૫૦ શ્રી પાર્શ્વજિનસ્તવન (હીરાચંદ ઝવેરચંદ શાહ) ૨૯૨
૫૧ શ્રી ચંદ્રપ્રભ જિનસ્તવન (મુનિશ્રી રુચકવિજયજી) ૩૨૧
૫૨ કર્મ–પ્રાબલ્ય (હરિલાલ ફીકાભાઇ મહેતા) ૩૨૨
૫૩ દુહા (મુનિ ભદ્રાનંદ) ૩૨૨
૫૪ પ્રભુ મહાવીરના પુત્રોને (અમરચંદ માવજી શાહ) ૩૨૩
૫૫ ક્ષમાપના તો સચ્ચી હો (રાજમલ ભંડારી) ૩૨૩
૫૬ જડ પુદ્ગલની સજ્ઝાય (આ. શ્રી વિજયોદયસૂરિ) ૩૨૪
૫૭ આધ્યાત્મિક પદ (મુનિશ્રી રુચકવિજયજી) ૩૫૩
૫૮ પરમાત્મ પચ્ચીશી (કવિ બાલચંદ હીરાચંદ) ૩૫૪
૫૯ વિદાય–વાણી (હરિલાલ ફીકાભાઇ મહેતા) ૩૫૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગદ્ય લેખો


| | | |
|---|---|---|
| ૧ શ્રી પ્રશ્નસિંધુ : ૨ | ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૫ |
| ,, ૩ | ,, | ૩૭ |
| ,, ૪ | ,, | ૬૮ |
| ,, ૫ | ,, | ૧૦૦ |
| ,, ૬ | ,, | ૧૩૩ |
| ,, ૭ | ,, | ૧૬૫ |
| ,, ૮ | ,, | ૧૯૭ |
| ,, ૯ | ,, | ૨૨૯ |
| ,, ૧૦ | ,, | ૨૬૧ |
| ,, ૧૧ | ,, | ૨૯૩ |
| ,, ૧૨ | ,, | ૩૨૫ |
| ,, ૧૩ | ,, | ૩૫૭ |
| ૨ વધો વિશ્વમાં " જૈન ધર્મ પ્રકાશ " | ( રાજપાળ મગનલાલ વહોરા ) | ૯ |
| ૩ વીરવિલાસ-૧૧ | ( મૌક્તિક ) | ૧૦ |
| ,, ૧૨ | ,, | ૪૧ |
| ,, ૧૩ | ,, | ૧૦૬ |
| ,, ૧૪ | ,, | ૧૪૧ |
| ,, ૧૫ | ,, | ૨૦૨ |
| ,, ૧૬ | ,, | ૨૩૪ |
| ,, ૧૭ | ,, | ૨૬૬ |
| ,, ૧૮ | ,, | ૨૯૮ |
| ,, ૧૯ | ,, | ૩૩૦ |
| ૪ શ્રી તત્ત્વાર્થ સૂત્ર-સાનુવાદ અધ્યાય ૬ | ( મુનિશ્રી રામવિજયજી મહારાજ ) | ૧૩ |
| ,, ,, ૭ | ,, | ૫૭ |
| ,, ,, ૮ | ,, | ૧૮૯ |
| ,, ,, ૯-૧૦ | ,, | ૨૮૩ |
| ૫ પૌષધવ્રતના ૮૦ ભાંગા | ( કુંવરજી ) | ૧૬ |
| ૬ જીવના આઠ પ્રકાર | ( ,, ) | ૧૭ |
| ૭ પ્રશ્નોત્તર | ( પ્રશ્નકાર-માસ્તર અંબાલાલ ચુનીલાલ-ઉમતા ) | ૧૭ |
| ,, | ( ,, રાજમલ ભંડારી-આગર ) | ૧૯ |
| ,, | ( ,, દેવચંદ કરશનજી-રાંધણપુર ) | ૫૩ |
| ,, | ( ,, હિંમતલાલ લાલચંદ-પેથાપુર ) | ૮૦ |
| ,, | ( ,, વાડીલાલ રામજી-તોંધણવદર ) | ૮૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | | |
|---|---|---|---|
| ,, | ( ,, માણેકચંદ નાગરદાસ–રંધોળા ) | | ૧૧૨ |
| ,, | ( ,, હિંમતલાલ લાલચંદ–પેથાપુર ) | | ૧૪૮ |
| ,, | ( ,, હિંમતલાલ હઠીચંદ–બોટાદ ) | | ૧૭૮ |
| ,, | ( ,, એમ. બી. ગાંધી–બેંગ્લોર સીટી ) | | ૨૦૭ |
| ,, | ( ,, જેરામ પીતાંબર–ગારીયાધાર ) | | ૨૪૩ |
| ,, | ( ,, હીરાલાલ ગણુપતલાલ–ધડકણુ ) | | ૨૭૧ |
| ,, | ( ,, શાહ માણેકચંદ નાગરદાસ–રંધોળા ) | | ૩૦૪ |
| ,, | ( ,, બેલાણી જમનાદાસ મોહનલાલ–કીઓલ ) | | ૩૩૫ |
| ,, | ( ,, ભાઇ ઉત્તમચંદ ભીખાચંદ–પુના કેમ્પ ) | | ૩૬૫ |
| ,, | ( ,, માસ્તર એન. એમ. શાહ. ) | | ૩૬૭ |
| ૮ શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન: | | (ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) | ૨૨ |
| ,, | ૨ | ,, | ૮૫ |
| ,, | ૩ | ,, | ૧૧૮ |
| ,, | ૪ | ,, | ૧૭૦ |
| ,, | ૫ | ,, | ૨૧૧ |
| ,, | ૬ | ,, | ૨૭૪ |
| ,, | ૭ | ,, | ૩૦૮ |
| ,, | ૮ | ,, | ૩૬૯ |
| ૯ પ્રભાવિક પુરુષો | પટ્ટધર બેલડી: ૫ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૨૯ |
| ,, | ,, ૬ | ,, | ૬૧ |
| ,, | ,, ૭ | ,, | ૯૨ |
| ,, | ,, ૮ | ,, | ૧૨૪ |
| ,, | ,, ૯ | ,, | ૧૫૪ |
| ,, | ,, ૧૦ | ,, | ૧૮૫ |
| ,, | પૂર્વધર ત્રિપુટી ૧ | ,, | ૨૧૭ |
| ,, | ,, ૨ | ,, | ૩૧૧ |
| ૧૦ કેટલાક ન્યાયઃ ૧ | | ( પ્રૉ. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.) | ૪૫ |
| ,, ૨ | | ,, | ૭૩ |
| ,, ૩ | | ,, | ૧૦૪ |
| ૧૧ ગુણરત્નસંવત્સરતપ | | ( કુંવરજી ) | ૪૯ |
| ૧૨ સમકિતદષ્ટિ જીવ કેવો હોય ? | | ,, | ૫૦ |
| ૧૩ અનુમતિવિવરણ | | ,, | ૭૬ |
| ૧૪ ચંદાવિજ્ઝય અથવા ચંદગવિજ્ઝં પઇણ્ણયં | | ,, | ૭૭ |
| ૧૫ જ્ઞાનનય અને ક્રિયાનયની વક્તવ્યતા | | ( મુનિશ્રી પુણ્યવિજયજી ) | ૭૮ |
| ૧૬ સુવર્ણ ૧ | | ( રાજપાળ મગનલાલ વહોરા ) | ૮૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| સુવર્ણ ૨ | ( રાજપાળ મગનલાલ વહોરા ) | ૧૨૩ |
| „ ૩ | „ | ૨૨૧ |
| „ ૪ | „ | ૨૮૨ |
| „ ૫ | „ | ૩૧૭ |
| ૧૭ વ્યવહાર કૌશલ્ય ૨૧૧–૨૧૨ | ( મૌક્તિક ) | ૯૦ |
| „ ૨૧૩–૨૧૪ | „ | ૩૧૫ |
| „ ૨૧૫–૨૧૬ | „ | ૩૪૯ |
| „ ૨૧૭–૨૧૮ | „ | ૩૬૧ |
| ૧૮ નાની નાની કથાઓ | ( કુંવરજી ) | ૧૦૯ |
| ૧૯ નીતિમય વચનો | ( મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ) | ૧૧૫ |
| ૨૦ જૈનોના આગમિક સાહિત્યના ઇતિહાસની સમાલોચના | ( રા. જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૧૧૬ |
| ૨૧ આત્મિક શક્તિ અને પાશવી શક્તિ | ( કવિ બાલચંદ હીરાચંદ ) | ૧૩૮ |
| ૨૨ ભાંગતા તો ઘણાને આવડે છે, પણ સાધતાં કેટલાને આવડે છે ? | ( કુંવરજી ) | ૧૪૬ |
| ૨૩ બચાવપક્ષ સાંભળ્યા સિવાય ઇન્સાફ આપશો નહિ | „ | ૧૪૭ |
| ૨૪ સ્યાદ્વાદ સંબંધી સાહિત્ય | ( પ્રૉ. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) | ૧૫૬ |
| „ | „ | ૧૮૨ |
| ૨૫ ગમ ખાના, કમ ખાના અને દમ ખાના | ( કુંવરજી ) | ૧૭૬ |
| ૨૬ સંતોષ | „ | ૧૭૭ |
| ૨૭ ક્ષમા અને દિલાવર દિલ | ( સ્વ૦ અમીચંદ કરશનજી શેઠ ) | ૧૮૧ |
| ૨૮ ભરત ચક્રવર્તીને જાગૃત રાખનાર વાક્ય | ( કુંવરજી ) | ૧૯૨ |
| ૨૯ સ્મશાનભૂમિ એક શિક્ષણશાળા | „ | ૨૦૫ |
| ૩૦ નેકી, દયા ને સંપ | „ | ૨૦૬ |
| ૩૧ પં. શ્રી કલ્યાણવિમળના પ્રશ્નોના ઉત્તરો | „ | ૨૦૯ |
| ૩૨ ચોરના હાથમાં તીજોરીની ચાવી | ( કવિ બાલચંદ હીરાચંદ ) | ૨૨૨ |
| ૩૩ ભાવશૂન્ય ક્રિયા ફળવતી થતી નથી | ( કુંવરજી ) | ૨૨૪ |
| ૩૪ एगोऽहं | „ | ૨૩૮ |
| ૩૫ વિવેક | „ | ૨૩૮ |
| ૩૬ પરસ્પર દ્વેષ ને ક્લેશ | „ | ૨૩૯ |
| ૩૭ લાયકાતના માપઃ આભાર કોનો માનવો ? | „ | ૨૪૦ |
| ૩૮ ભાવનગરના એક જિનચૈત્યનો જીર્ણોદ્ધાર | „ | ૨૪૬ |
| ૩૯ સાચી વિદ્યા | ( મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી ) | ૨૪૭ |
| ૪૦ બાર ક્ષમાશ્રમણો : ૧ | ( પ્રૉ. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૨૪૯ |
| „ : ૨ | „ | ૩૪૧ |
| „ : ૩ | „ | ૩૭૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૪૧ નિગોદનું સ્વરૂપ | ( મુનિ શ્રી પુણ્યવિજયજી ) | ૨૫૫ |
| " | " | ૨૭૮ |
| ૪૨ આટલું તો જરૂર કરજો | ( કુંવરજી ) | ૨૬૫ |
| ૪૩ એમાં આપણે શું ? | " | ૨૬૯ |
| ૪૪ સાચા સુખની ચાવી | " | ૨૭૦ |
| ૪૫ સુભાષિતરત્નમંજૂષા | " | ૨૮૧ |
| ૪૬ તપ | " | ૩૦૨ |
| ૪૭ મારી યાત્રા | " | ૩૦૩ |
| ૪૮ વંચક મનુષ્ય પોતાને જ ઠગે છે | " | ૩૦૭ |
| ૪૯ દેવદર્શનનો મહિમા | ( મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી ) | ૩૧૯ |
| ૫૦ હું કોણ ? | ( કુંવરજી ) | ૩૩૯ |
| ૫૧ મનુષ્યે કોઇપણ પ્રકારનો ગર્વ ન કરવો | " | ૩૪૦ |
| ૫૨ હવે શું થાયું છે ? | " | ૩૪૦ |
| ૫૩ કવિતાની દેશીઓમાં આવેલી વિકૃતિ | ( કવિ બાલચંદ હીરાચંદ ) | ૩૪૬ |
| ૫૪ મૂર્ખ મનને ઉપદેશ | ( મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી ) | ૩૫૧ |
| ૫૫ જીવના ૫૮૪ ભેદ | ( કુંવરજી ) | ૩૫૨ |
| ૫૬ ઝરણાનાં પ્રકાર | " | ૩૬૩ |
| ૫૭ બુદ્ધિઃ કર્માનુસારિણી | " | ૩૬૪ |
| ૫૮ માર્ગાનુસારીનું પ્રથમ લક્ષણઃ ન્યાયસંપન્નવિભવ | ( મુનિ શ્રી પુણ્યવિજયજી ) | ૩૮૦ |


## પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૧ નવું વર્ષ | ( કુંવરજી ) | ૪ |
| ૨ પં. શ્રી મણિવિજયજી મહારાજની જયંતિ | " | ૩૩ |
| ૩ પુસ્તકોની પહોંચ | " | ૧૫૧ |
| ૪ ભૂલનો સુધારો | " | ૨૦૬ |
| ૫ પુસ્તકોની પહોંચ | | ૩૮૪ |
| ૬ ભૂલનો સુધારો | " આસો ટાઇટલ પેજ | ૩ |


**પેટા વિભાગ ગણતાં કુલ લેખ ૧૮૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ કુશળચંદ કમળશીનું ખેદકારક પંચત્વ

મહુવાનિવાસી દાનવીર શેઠ કુશળચંદભાઇનું ૭૨ વર્ષની વયે ભાદરવા વદિ ૪ ને બુધના રોજ સુરતખાતે અવસાન થયું છે. કેળવણી ને નિરાશ્રિતને સહાય એ જ એમનું જીવનધ્યેય હતું. મહુવાનું યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ તેમની ઉદાર સખાવતનું સુંદર પરિણામ જ છે. તે સંસ્થાને પોતાની ગણવા છતાં અન્ય સંસ્થાને પણ તેઓ સહાય કરવાનું કદી ભૂલ્યા ન હતા.

તેમના ખાસ ગુણો નિરભિમાનતા અને સાદાઇ હતા. મહુવામાં બાલાશ્રમ ઉપરાંત મહુવાની સાર્વજનિક ધર્મશાળા, પ્રસૂતિગૃહ, લાઇબ્રેરી, મુસ્લીમ બોર્ડીંગ ને મદ્રેસા વિગેરે અન્ય સંસ્થાઓમાં પણ તેમણે ઉદાર દિલથી સહાય કરી હતી.

તેમના અવસાનથી સૌરાષ્ટ્રને એક મૌનભાવી સખાવતીની અને જૈન આલમને ઉત્તમ કેળવણીપ્રિયની ખોટ પડી છે. સભાના કાર્યથી આકર્ષાઇ તેઓ ઘણા વર્ષોથી સભાના લાઇફ મેમ્બર થયા હતા. અમે સદ્ગતના આત્માની શાંતિ ઇચ્છતા તેમના આપ્તજનોને દિલાસો આપીએ છીએ.

## ભૂલનો સુધારો

અશાડ માસના અંકમાં શ્રીમાન હેમચંદ્રાચાર્ય મહારાજના ભવો અમે આંબલીના પાન જેટલા લખ્યા છે પરન્તુ પં. શ્રી મુક્તિવિજયજી મહારાજના લખવાથી જયસિંહસૂરિકૃત કુમારપાળ ચરિત્ર જોતાં તેઓ કાળધર્મ પામી, ચોથે દેવલોકે જઇ, ભરતક્ષેત્રમાં મનુષ્ય થઇને મોક્ષે જરૂર જશે.

જેઠ માસના અંકમાં છાશનો કાળ ત્રણ દિવસનો લખ્યો છે, પરન્તુ તે સોળ પહોરનો સમજવો અને દહીંનો કાળ મેળવ્યા પછી બે દિવસનો લખ્યો છે પરન્તુ બે રાત્રિ વ્યતીત થયે તે અભક્ષ્ય ગણાય છે.

ભાદ્રપદ માસના અંકમાં પ્રશ્નસિંધુના પ્રશ્ન ૧૫૯ ના ઉત્તરમાં જે એમ જણાવેલ છે કે-'દેવાયુષ્યનો બંધ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી પણ થઇ શકે' તે બરાબર નથી; કેમકે ક્ષાયિક સમક્તિ પામ્યા પહેલાં જો કોઇપણ ભવનું આયુષ બાંધ્યું ન હોય તો જરૂર તે ભવે મોક્ષે જાય છે.

---

## અર્ધ-મૂલ્યે

પંન્યાસ મહારાજ શ્રી કંચનવિજયજી મહારાજની પ્રેરણાથી કલ્પસૂત્ર-ખેમશાહી બાલાવબોધ ભેટ અપાતી હતી તે ખલાસ થઇ ગઇ છે છતાં માગણીઓ ચાલુ જ રહી છે એટલે પચીશ નકલો અલ્પ મૂલ્યે એટલે કે રૂા. ચારની કિંમતે આપવાની છે તો જે સાધુ યા સાધ્વીજીને જરૂર હોય તેમણે રૂા. ૪) કિંમતના તથા પોસ્ટેજના રૂા. ૧)= મળી રૂા. ૫)= મોકલવાથી શીલીકમાં હશે ત્યાં સુધી મોકલવામાં આવશે.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂા. સાત રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા-સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આયંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન-સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના. પોસ્ટેજ એક આનો.

## શ્રી ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર

### પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

પ્રાતઃસ્મરણીય મહાન સીત્તેર પ્રભાવિક પુરુષોના ચરિત્રોવાળું આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. લગભગ ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.

### શ્રીમદ્ ચંદ્રમહત્તરાચાર્ય વિરચિત

## પંચસંગ્રહ : પ્રથમ ખંડ

[ આ. શ્રી મલયગિરિજીકૃત ટીકાના અનુવાદ યુક્ત ]

કર્મગ્રંથના વિષય પર પ્રકાશ પાથરતો આ ગ્રંથ અવશ્ય વસાવીને વાંચવા યોગ્ય છે. જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મનું સ્થાન મહત્ત્વતાભર્યું છે. છએ કર્મગ્રંથને સ્પષ્ટ રીતે સમજવા માટે આ ગ્રંથનું ભાષાંતર સારી શૈલીમાં કરવામાં આવ્યું છે. આ પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે. પહેલામાં યોગ, ઉપયોગ ને ગુણસ્થાનકોનું, બીજામાં સત્પદપ્રરૂપણાદિ નવ દ્વારોનું, ત્રીજામાં આઠ કર્મનું, ચોથામાં સત્તાવન બંધહેતુનું અને પાંચમામાં પ્રકૃતિબંધાદિ ચાર તથા ઉદય અને સત્તાનું સુવિસ્તૃત વર્ણન આપવામાં આવેલ છે. ક્રાઉન આઠ પેજી મોટી સાઇઝના પૃષ્ઠ ૬૨૫. કિંમત રૂા. ચાર, પોસ્ટેજ જુદું.


મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર

For Private And Personal Use Only